**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Ma from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર—૧.

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| પૂ. માની કૃપાપ્રસાદી પૂ. શ્રીના જન્મોત્સવ પ્રસંગે | તંત્રી | ૯ |
| સારાનો પ્રતિભાવ આપો | નારાયણ હ. જાની | ૧૧ |
| નવયુગના નૂતન મંત્રો | ડો. પ્રકાશ ગજ્જર | ૧૬ |
| પરમાત્મા સાથેનું અનુસંધાન | ઉન્મેશભાઇ મહેતા | ૨૪ |
| મા શ્રી શારદાદેવીનો ગૃહસંસાર—(૪) | પ્રો. અરુણિકા મનોજ દરૂ | ૩૦ |
| સ્વર્ગારોહણને આંગણે પ.પૂ. શ્રી યોગેશ્વરજીના જન્મદિનની ઉજવણી | તંત્રી | ૩૯ |
| મારે માથે હજાર હાથવાળો | જૂનું ભજન | ૪૪ |
| પૂજ્ય યોગેશ્વરજીદ્વારા તુલસીકૃત રામચરિતમાનસનું રસદર્શન—૪ | નિર્ભયરામ કા. વૈષ્ણવ | ૪૫ |
| સદ્‌ગુરુએ કરેલી જીવનરક્ષા | કુન્દનીકા કાપડીઆ | ૫૨ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |


○

### ● ભક્તિસુધા ●

**(મહારાજશ્રી નથુરામશર્મા)**

માદક પ્યાલો પ્રેમનો, પીવે કોઇ સુજાણ;
તે મદ કેવો આકરો, પીતાં પડે પીછાણ. ૧૮
પીતાં પ્યાલો પ્રેમનો, મન વાણી બદલાય;
બદલે નેણાં પૂર્વનાં, ઉન્મત્ત તે દેખાય. ૧૯
પ્રભુભક્તિમાં લીનનું, જીવન સફલ ગણાય;
દિન કાઢે બીજા સહુ, જીવતર એળે જાય. ૨૦

## ❁ અભિનંદનીય સહાય ❁

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ,
પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

આપના પુનિત સ્પર્શે વિદેશની ધરતી ઉપર કેનેડા–ટોરન્ટોમાં ૧૯૮૧ ના ડીસેમ્બરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનો પ્રાદુર્ભાવ થયો.

મા સર્વેશ્વરીની નિયમિત થતી વિદેશયાત્રાથી શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર પણ પ્રારંભ પામ્યું.

આપે અમને જગાડ્યા, વ્યસન મુક્ત કર્યા, પવિત્ર પંથે પગલા ભરતા થયા અને શ્રી સુરેશભાઈ શાહના અતિનિયમિત પ્રયત્નોથી અને શિસ્તના પાઠ શીખતા સત્સંગ સુખ પામ્યા.

આપનું સ્થાપેલું 'અધ્યાત્મ' માસિક અમને ૨૫ વરસથી આ સુખ ધરતું રહ્યું છે.

એવા અનંત ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમે આ અંક આપના તીર્થચરણે અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

—શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર
શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર
ટોરન્ટો, કેનેડા.



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૬ સપ્ટેમ્બર–૨૦૦૫ અંક ૧૨

# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**તા. ૧૬–૧૧–૮૧ સોમવાર, કારતક વદ પાંચમ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટાએનાથી સાન્ફ્રાન્સીસકો, અમેરિકા.**

સવારે પૂ. શ્રીએ મંત્રજપ કરી થોડો આરામ કર્યો. તે પહેલાં સ્નાન, વ્યાયામનું કાર્ય નિયમિત રહ્યું.

આજે બપોરે ૨:૩૦ વાગ્યે સાન્ફ્રાન્સીસકો જવા નીકળવાનું હતું. જેથી જરા જલ્દી ભોજન બનાવી લીધું. ખીચડી, શાક ને સુખડીનું ભોજન લીધું. ભોજન બાદ એકાદ કલાક પછી પોણા બે વાગ્યે Orange County નામના એરપોર્ટ પર જવાનું બન્યું. ૧૦ મિનિટમાં જ તે આવી ગયું.

ત્યાંથી એર કેલની ફ્લાઈટ નં. ૧૦૩–સીટ નં. ૧૨–એ અને ૧૨–બી ઉપર બેસીને સાન્ફ્રાન્સીસકો જવાનું બન્યું. એરપોર્ટ ઉપર શ્રી કંચનબેન વિદાય માટે આવ્યાં હતાં. એમણે પૂ. શ્રી જલ્દી જલ્દી પાછા ફરે એવી ભાવના વારંવાર વ્યક્ત કરી.

સાન્ફ્રાન્સીસકોની એક ટિકિટની કિંમત ૫૯ ડોલર હતી. વિમાન ૧૨૬ સીટનું હતું. બધી જ સીટ ભરાયેલી હતી. એમાં ૭૨ જેટલી સીટનો 'નો સ્મોકીંગ' વિભાગ હતો. 'એર કેલીફોર્નીયા' નામની એ એર લાઇન્સ હતી. બરાબર ૨:૩૦ વાગ્યે વિમાન ઉપડ્યું. વાદળાઓ ઉપરથી તે વિમાન ઝડપભેર આગળ વધ્યું. સૂર્ય સારી રીતે પ્રકાશતો હતો. બારી પાસે જ બેઠક હતી. એટલે બહારનું દૃશ્ય જોવા મળતું હતું. બરાબર ૩:૪૫ મિનિટે વિમાન સાન્ફ્રાન્સીસકો—એસ. એફ. આવી ગયું. ૬૮ નંબરના દરવાજા પાસે ઉભું રહ્યું અને બે—ત્રણ મિનિટના અંતરે માર્ગ પસાર કર્યો ત્યાં જ શ્રી હીરાભાઇ, ભગવાનજી-ભાઇ, શ્રી ઈશ્વરભાઇ લેવા ઉભા હતા! તેઓ આજે સાન્ટા-એનાથી મળસ્કે ચાર વાગ્યે નીકળીને બાર વાગ્યે અહીં આવી ગયા હતા.

કાર્યક્રમનું સંચાલન શ્રી હીરાભાઇનું હતું. તેઓ સૌ પૂ. શ્રીના પ્રવચનનો લાભ લેવા આવી ગયા હતા. તેઓ સાથે મોટરમાં ગોઠવાયા. થોડી મિનિટોમાં Hunter Hotelના સ્થાનમાં આવી ગયા. પહાડી ટેકરી ઉપર આ શહેર રળિયામણું લાગે છે. દરિયાની સાથે જ એરપોર્ટ છે.

અહીં પૂ. શ્રીની અનન્ય શ્રદ્ધાભક્તિથી આરધના કરનાર એક નાનકડી છોકરી રહે. એના માતા, પિતા, ભાઇબેન પણ રહે. તેઓ આ હોટલ ચલાવે છે. હોટલ એટલે મોટલ જેવું જ સ્થાન. જેમાં ૧૮ ઓરડાઓ રહેવા માટેના છે. ઉપર જતાં પહેલા જ એ શ્રદ્ધાભક્તિથી ભરપૂર બની એ છોકરીએ, એના ભાઇબેને, એના પિતાજીએ પ્રણામ કરીને સ્વાગત કર્યું. નાનકડા બેઠકના ઓરડામાં ઉપર ગયા. ત્યાં પૂ. શ્રી બેઠા.



બીજી બેઠક ઉપર સર્વેશ્વરી બેઠાં. ઓરડામાં પ્રવેશતાં જ એ છોકરીની માતાએ નીચે નમી પ્રણામ કરી સ્વાગત કર્યું. એ છોકરી તે 'આશા.' એ પરિચિત, પ્રેમાળ મૂર્તિ, એને ગુજરાતમાં યોગેશ્વરજી સાથે સંકળાયેલા સૌ કોઇ સારી રીતે જાણે. જાણે એટલું જ નહીં, આદરભાવે જુએ પણ ખરા!

ઓરડામાં બેઠા એટલે તરત જ આશાની માતાએ પૂ. શ્રીની આરતી ઉતારી. ફૂલનો ગુચ્છ અર્પણ કરી, પ્રણામ કર્યા. પછી સર્વેશ્વરીની પણ આરતી ઉતારી ફૂલનો ગુચ્છ અર્પણ કરી પ્રણામ કર્યા. પછી ઘરનાં સૌએ પુષ્પો અર્પણ કરી પ્રણામ કર્યા. સૌના મુખ ઉપર આનંદ હતો. પૂ. શ્રી એમને ત્યાં પધારે એવી કલ્પના ભારતમાં તો રાખી જ ન શકાય! તે કલ્પના આજે પૂરી થયાનો સૌને, વિશેષ રીતે આશાને ખૂબ જ સંતોષ હતો.

સૌ બેઠા, પરંતુ પૂ. શ્રી નીચેથી ઉપર આવે ત્યારથી આશાના ભાઇબેનોએ ફોટાઓ પાડવાના શરૂ કર્યા હતા તે પૂ. શ્રી બેઠા તે પછી પણ ચાલુ જ રહ્યા! ફોટાઓ પાડવાની ચાંપ થોડી થોડી વારે દબાતી જ રહી!

પૂ. શ્રીએ સાન્ફ્રાન્સીસકોનાં જૂનાં સ્મરણો યાદ કર્યાં. વળી ઉત્તરની યાત્રાની વાતો પણ કરી. દેવપ્રયાગની કુટિયા, મસૂરી-ના રતનલાલનો પ્રેમભાવ વગેરેની ચર્ચા થઇ. થોડી વાર પછી પૂ. શ્રીના નક્કી થયેલા ઉતારાના ઓરડા નંબર ૬ અને ૭ માં આવી જવાનું બન્યું.

પૂ. શ્રી : સારુ છે. આખાયે ઘરની કેવી ભાવના છે! ભાવના જ મુખ્ય છે ને!

પૂ. શ્રી થોડું દૂધ પીને આરામ કરે છે. સર્વેશ્વરી થોડી વાર આશા સાથે વાતો કરે છે. યજમાન પરિવારના બેઠક રૂમમાં પૂ.

શ્રીની મોટી તસ્વીર, વળી અંબાજીની મોટી તસ્વીર, અને એના ઉપર પૂ. શ્રી ને સર્વેશ્વરીની એક લાક્ષણિક તસ્વીર. વળી એક ટેબલ જ્યાં પૂ. શ્રીનો તથા શ્રી રામકૃષ્ણદેવનો અને પૂ. શ્રી ને સર્વેશ્વરીનો ફોટો. બીજા એક ખૂણામાં રાધાકૃષ્ણ, સર્વેશ્વરી અને અન્ય દેવોની તસ્વીરો, બેઠકનો ઓરડો જાણે કે નાનકડું મંદિર!

વિદેશમાં આવીને પણ સંતોની સેવા ને પૂજા ને સંતોના સુખદ પુનિત સ્મરણને સાચવી રાખવું એ જ મોટું તપ છે! એવું જ તપ આ આખોયે પરિવાર કરી રહ્યો છે. આશાને ખૂબ ઉમંગ. એના માતાપિતાને પણ ખૂબ આનંદ! પૂ. શ્રીના આગમન નિમિત્તે નવી નવી જરૂરી વસ્તુઓની ખરીદી કરી! કેવો પ્રેમ-ભાવ! ધન્ય છે! ધન્ય છે એના માતાપિતાને!

પૂ. શ્રીના ઉતારાના ઓરડાને પણ સુંદર ચળકતા તોરણોથી શણગારેલો! ભીંત ઉપર જુદાં જુદાં સુશોભિત સાધનો! પૂ. શ્રીના સ્વાગત માટે સર્વ પ્રકારે ઉત્સાહ, આનંદ છતાં એટલી જ નમ્રતા! સ્વભાવ પણ એટલો જ શરમાળ છતાં પવિત્ર પ્રેમ-ભાવ! જાણે અમારા કોઇ ચિરપરિચિત ઘરમાં જ આવ્યાં એવું ક્ષણવારમાં જ અનુભવવા મળે!

'ભારતીય મંડળ'ના વિશાળ હોલમાં પૂ. શ્રીનું આજે પ્રથમ પ્રવચન હતું. સમયસર શ્રી હીરાભાઇ પૂ. શ્રીને લેવા માટે આવી ગયા. હોલમાં બે વિભાગ છે. નીચે હોલ છે જ્યાં ફોટા-ઓ મૂકી મંદિર જેવું બનાવ્યું છે. એ હોલ પણ વિશાળ છે. બીજો હોલ માળ ઉપર છે. તે હોલમાં મોટો મંચ પણ તૈયાર જ છે. આજે પ્રવચન નીચેના હોલમાં, એટલે કે મંદિરવાળા સ્થાનમાં થયું. શ્રોતાઓની સંખ્યા સારી હતી. આરંભમાં શ્રી



હીરાભાઇએ પૂ. શ્રીનું ને સર્વેશ્વરીનું ચંદનતિલક કરી, ફૂલહાર અર્પણ કરી સ્વાગત કર્યુ. શ્રી ઈશ્વરભાઇએ પૂ. શ્રીનો ને સર્વેશ્વરીનો ટૂંકમાં પરિચય આપ્યો. પૂ. શ્રીએ 'નારદભક્તિ સૂત્ર' ઉપરનું પ્રથમ પ્રવચન આપ્યું. પ્રવચન બાદ આરતી અને પ્રસાદનું વિતરણ થયું. સૌ વિદાય થયા.

પ્રવચન સ્થળે જતાં ને આવતાં બંને સમયે વરસાદ પડતો હતો. ગાડીમાં આવવા–જવાનું થયું જેથી ખાસ વાંધો ન આવ્યો. ઉતારા ને હોલ વચ્ચે દસ જ મિનિટનું અંતર છે. ઉતારા ઉપર આવી પૂ. શ્રીએ દૂધ પીને આરામ કર્યો.

કેલીફોર્નીયાનું જ આ એક શહેર છે. અહીં ઉતારાની પાસે જ મોટા રસ્તાઓ છે. જેના ઉપર ટ્રામ, બસ ને ગાડીઓ દોડ્યા જ કરે છે. સામે વાસણ વગેરેની દુકાનો છે. પૂ. શ્રીના ઉતારાના ઓરડા નં. ૬ અને ૭ પ્રમાણમાં મોટા છે. બંને ઓરડાઓ વચ્ચે એક બારણુ છે. ઓરડામાં જ હાથ–મોં ધોવાની સગવડ છે. એક મોટી બારી રસ્તા ઉપર પડે છે. બંને ઓરડામાં મોટા પલંગો છે. બે ટેબલ, બે ખુરશીઓ છે. બારીમાંથી પૂરતો પ્રકાશ પણ મળે છે.

આ સેવાભાવી ને ભક્તિભાવવાળા પરિવારના ઉતારામાં જ રહેવાનું પૂ. શ્રીએ ઉચિત માન્યું. એક મોટી મોટલના ન એક સ્વતંત્ર દરિયા કિનારે ઉતારાના આમંત્રણનો હાલ પૂરતો અ-સ્વીકાર કર્યો. જ્યાં આહાર–વિહારની પવિત્રતા છે ને ભક્તિ-ભાવ છે, ત્યાં જ પૂ. શ્રીને રહેવાનું ગમ્યું. હરિઃ ૐ

(ક્રમશઃ)

○

પૂ. માની કૃપાપ્રસાદી

# પૂ. શ્રીના જન્મોત્સવ પ્રસંગે

**તંત્રી**

તા. ૧૫ મી ઓગસ્ટે, જ્યારે પૂ. શ્રીના સ્વરૂપ સાથેની શોભાયાત્રા ચાલી રહી હતી, ત્યારે પૂ. માનો ફોન સંદેશો અમેરિકાથી આવ્યો. તેમાં તેઓની ગીત રચના પણ હતી. તેને શ્રી દમયમતીબેન ભક્તે સ્વરબદ્ધ કરી, તુરત ભક્તોની સમક્ષ સરસ રીતે ગાઈ—શ્રોતાઓને આનંદિત કરી દીધા હતા. પૂ. ગુરુદેવે પૂ. માના અંતરમાં સ્ફુરાવેલા ગીતના શબ્દો ને ભાવ ખરેખર અલૌકિક છે. પૂ. શ્રી મા સર્વેશ્વરી માટે જ સદ્‌ગુરુ બની પોતે પૃથ્વી પર આવ્યા—તે ભાવ છે.

ગીતાના શબ્દો છેઃ—

(હરિ લાવ્યા સર્વેશ્વરી માત રે—રાગ)

સદ્‌ગુરુના સજી શણગાર રે,
અમે પ્રગટ્યા સર્વેશ્વરી કાજ રે.
દેવપ્રયાગે વાળી પલાંઠી,
તપ્યા ખર્ચી જીંદગી સારી.
પૂરા પાગલ બન્યા એને કાજ રે,
અમે પ્રગટ્યા સર્વેશ્વરી કાજ રે.
મૌન ઉપવાસે શોધ સ્વીકારી,
હિમાલયમાં હાડને ગાળી.
પ્રસન્ન કર્યાં અમે માત રે,
અમે પ્રગટ્યા સર્વેશ્વરી કાજ રે.



હું પદ બાંધ્યું પાલવડે,
તનમન સોંપ્યું છે એ ચરણે.
ધન્ય કીધી જન્માતર વાટ રે,
અમે પ્રગટ્યા સર્વેશ્વરી કાજ રે.
સર્વમંગલ કરવા કાજે,
અધ્યાત્મ પ્રગટાવ્યું સાથ.
ઉઘાડ્યાં સ્વર્ગારોહણ દ્વાર રે,
અમે પ્રગટ્યા સર્વેશ્વરી કાજ રે.
પર્વથી પલોટાવવા કાયા,
ક્ષણભર છોડો સઘળી માયા.
સહુ સુણજો એનો સાદ રે,
અમે પ્રગટ્યા સર્વેશ્વરી કાજ રે.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# સારાનો પ્રતિભાવ આપો

નારાયણ હ. જાની

જીવનમાં આપણે ઘણી સારી વ્યક્તિઓના પરિચયમાં આવતા હોઈએ છીએ, તો ઘણીવાર સારું વાંચવામાં પણ આવતું હોય છે. આ બંને આપણને ગમે છે ને તેનાથી પ્રસન્ન થઈએ છીએ. પરંતુ આપણી એ પ્રસન્નતા કે ખુશી સામા માણસ સુધી પહોંચાડવાની ભાગ્યે જ તસ્દી લઈએ છીએ.

પણ જો આપણે એવું કરી શકીએ તો? 'ગમતાનો કરીએ ગુલાલ'—પણ તેને આપણા સુધી જ મર્યાદિત રાખી એને ગૂંજે (ગજવામાં) ભરીએ છીએ. પરંતુ જો એને ઉડાડીએ, વહેંચીએ, તો એની મઝા ઓર આવી જાય.

પૂ. માનો પણ ગમતાનો ગુલાલ કરવાનો સ્વભાવ ક્યાંય પણ સારું જોવામાં આવે, કંઈ સારું વાંચવામાં આવે તો અનેકને તે વંચાવે. લેખકને બીરદાવે. સારું કરનારને પ્રોત્સાહિત કરે. એવા કેટલાય પ્રસંગો છે જેમાં પૂ. માએ સરસ લખાણો—સરસ વિચારો કે અનુભવોની રસલહાણ અનેકોને કરી હોય અને ત્યારે પૂ. માના મુખ ઉપર જે પ્રસન્નતા કે ખુશી જોવામાં આવે તે સાવ નિર્દોષ બાળકના જેવી લાગે. આંતરિક રીતે શુદ્ધ ને નિર્મળ હૃદયની વ્યક્તિઓ જ આવી બાલસહજ પ્રસન્નતા દાખવી શકે.

અધ્યાત્મના લખાણો માટે અમને કદીક આવી પ્રોત્સાહક પ્રસન્નતાની અનુભૂતિ વાંચકો કરાવતા રહે છે. પ્રો. અરુણિકા-બેન દરૂ અને એમના વિદ્વાન પતિ શ્રી પ્રો. મનોજ દરૂએ પણ



ઓગસ્ટ, ૦૫ ના અધ્યાત્મના અંકમાં અમારો પૂ. ગુરુદેવ મહાત્મા યોગેશ્વરજી પ્રત્યે અમારો અહોભાવ શા માટે? એ લેખ વાંચી તેઓ ખૂબ પ્રસન્ન થયા અને અમને એ પ્રસન્નતા ફોન દ્વારા બીજે જ દિવસે અમને પહોંચાડી. તેમના તે ભાવ બદલ અમે તેમના ખરેખર આભારી છીએ.

તો વળી આજે ટપાલમાં પ્રા. ડો. રણજીત પટેલ (અનામી) સાહેબનો પત્ર મળ્યો. તેઓ ૯૦ વર્ષના છે. પૂ. શ્રીના પ્રશંસક ને ચાહક પણ ખરા. ગઈ પેઢીના ગુજરાતી સાહિત્યના સમર્થ કવિ, લેખક સમીક્ષક પણ ખરા. વડોદરા યુનિવર્સીટીમાં એક વખત પ્રખર વિદ્વાન તરીકે એમનું નામ ગણાય. તેઓ સ્વતંત્ર સ્વભાવ ને સ્વતંત્ર મિજાજના. કદી કોઈની ખોટી શેહમાં ના તણાય. તેઓને તો પૂ. શ્રી યોગેશ્વરજીનો સારો એવો પરિચય. પૂ. શ્રીના સાહિત્યિક ગ્રંથોના અભ્યાસુ પણ ખરા. ક્યાંય પણ ખોટું અતિશયોક્તિવાળું લખાણ જુએ તો તરત જ ટોકે. એવી એક બે વાર ટકોર અમને પણ કરેલી. આવા વાંચકો અમને ગમે જે અમને જાગ્રત રાખે. કોઈ પણ સમાજ, ધર્મ કે રાજ-નીતિમાં આવા નિર્ભીક મહામાનવો જેટલા વધુ, તેટલું ખરાબ દૂષણોથી કે ખોટી પરંપરાથી તેનું રક્ષણ થતું રહે.

### જાતના સમીક્ષક બનો

એ વાત વ્યક્તિના જીવનમાં પણ એવી જ મહત્ત્વની છે. પૂ. માના જીવનમાં પણ આપણને એનું દર્શન થાય છે. તેઓ પોતાની જાતનાં સતત જાગ્રત સમીક્ષક બની રહે છે, વારે વારે પોતાની જાતને પૂછે છે કે હે સર્વેશ્વરી, "તું બીજાઓને જેનો ઉપદેશ કરે છે એનું આચરણ તારા જીવનમાં છે કે નહિ!"

આમ આવું આત્મનિરીક્ષણ જ વ્યક્તિના વિકાસનો પાયો બની રહે છે, તેમ જ ખોટા આત્મસંતોષમાં રાચતાં વ્યક્તિને બચાવે છે.

હવે મૂળ વાત પર આવીએ.

ડો. અનામી સાહેબને અમારો એ લેખ ગમ્યો. તો એમના જેવા ગુણગ્રાહી માણસ બેસી રહે ખરા? એઓએ અમને પત્ર દ્વારા પોતાનો ખુશીનો પ્રતિભાવ તુરત પાઠવ્યો. આ રહ્યો એમનો એ પત્રઃ—

**અનામી સાહેબનો પત્ર**

**તા. ૨૨—૮—૦૫**
**વડોદરા**

**પ્રિય જાની સાહેબ,**

(૧) અધ્યાત્મના ઓગષ્ટના અંકમાં 'મારા ગુરુદેવ પ્રત્યે મારો અહોભાવ શા માટે?'—એ જ મારો સૂક્ષ્મ નિરીક્ષણ—પરીક્ષણ સંતુલન પછી નિર્ભેળ ને નિરપેક્ષભાવે લખાયેલો ગુણ-દર્શી લેખ મને ખૂબ ખૂબ ગમ્યો. તમારા લખાણની નીચે હું પણ સહી કરું. તમે જે ગદ્યમાં કહ્યું, તે મેં પદ્યમાં કહ્યું જ છે.

(૨) પણ સાંપ્રત સમયના સંદર્ભમાં તમારા લેખમાંની બે વાતો મને વિશેષ સ્પર્શી ગઈ. એક તોઃ—

'ઉઠવી શમવે તે સન્ત, ન ઊઠે તે ભગવંત.'

અને બીજીઃ—જ્ઞાન, અધ્યાત્મની—અનુભૂતિની મૂડી સમાજ-ને ચરણે ધરવાની. સામાજિક ફરજનું ભાન—જ્ઞાન—Social Responsibility આવી સભાનતા ને એનું અહર્નિશ આચરણ એ કોઈ પણ સંપ્રદાય કે ધર્મ માટેનો પ્રાણવાયુ છે. પ્રજાની સંજીવની છે. આજે તો બધા ધર્મો—સંપ્રદાયો ભૌતિકતાની



મોહ-જાળમાં ફસાયા—અટવાયા જેવા લાગે છે. અંજાયા તો છે જ, ધર્મ કરતાં અર્થ, સત્તા, પ્રભાવની મોહિનીએ અંધ બનાવ્યા છે.

(૩) તા. ૨૬—૬—૦૫ ના રોજ મને ૯૦ મું બેઠું. આંખો કામ આપતી નથી. પણ તમારું તો વાંચું છું. અક્ષરો પણ બગડ્યા છે. વડોદરે આવવાનું થાય તો ફોન વા પત્રથી જાણ કરશો તો મળીશું. સર્વેની કુશળતા ઈચ્છતા

**'અનામી'ના જય યોગેશ્વર.**

ડો. અનામી સાહેબે Social Responsibilityની જે વાત કરી છે તે સાવ સાચી છે. આજના ધર્માચાર્યો જેટલું ધ્યાન પોતાના સંપ્રદાયના પ્રચાર અને પ્રસાર માટે આપે છે તેનાથી એમના વાડાનો વિસ્તાર જરૂર થતો હતો, પણ સાથે સાથે ધર્મ કે સંપ્રદાયના ઓઠા નીચે, એવી તો કોઈ વાત થઈ રહી નથી, જેનાથી સંકુચિતતા ને સંકીર્ણતાનો ફેલાવો વધતો હોય? માનવધર્મ જ શ્રેષ્ઠ છે ને તે દિશામાં દેશ, જાતિ કે ધર્મથી પર એવા એક માનવમાત્રની મુક્તિને આવરી લેતી ભાવનાના પ્રસારનું કામ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી કરી ગયા અને પૂ. મા હાલ કરી રહ્યાં છે. આજના યુગમાં—જન્મ, જાતિ, ધર્મ કે દેશની ભાવનાથી ઉપર ઊઠી, એક માનવધર્મની વાત કરનાર મહા-માનવની જરૂર છે. આ દિશામાં કાર્ય કરવા માટેની પ્રેરણા પૂરી પાડતો ભરપૂર મસાલો પૂ. શ્રીનાં લખાણોમાં પથરાયેલો છે ને વિશેષ કરી—તેઓના ગ્રંથો ''ઉપનિષદનું અમૃત!'' પાતંજલ યોગદર્શન, સાધના અને યોગમીમાંસામાં તે પ્રચૂર યાત્રામાં છે માટે હે સાધક, સમય કાઢીને આ વાંચીને બેસી ન રહેતા જીવનમાં તેનું આચરણ કરી ધન્ય થા. પૂ. શ્રીનો આજ સંદેશો છે.

કટ્ટરતા વધતી હોય અને માનવ–માનવો વચ્ચે ભાગલા પડતા હોય! જો એવું જ થતું હોય તો લાંબે ગાળે તે લાભદાયી પૂર-વાર નહિ થાય. સમાજ અને દેશને નુકસાન કરશે, એ નિર્વિવાદ છે.

## પૂ. માનો ખાસ સંદેશ

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ અને મા પરિવારના સાધકો દ્વારા લોકહિતની વિવિધ પ્રવૃત્તિઓ ઘણા વરસોથી થતી રહે છે. હવે પૂ. મા સર્વેશ્વરીની ઈચ્છા છે કે શ્રી યોગેશ્વર પરિવારના બધાં જ ભાઈબહેનો–હવેનું એક આખું વર્ષ સાધનાત્મક ક્ષેત્રે આગળ વધવામાં વીતાવે અને સાથે સાથે પૂ. શ્રીની મૂળ આત્મકથા 'પ્રકાશના પંથે' તેમ જ 'હિમાલયના પત્રો'નું નિયમિત વાંચન કરી–આવતા પૂ. શ્રીના જન્મદિન પહેલાં તે ગ્રંથોનો અભ્યાસ પૂરો કરે. સાધનાત્મક ક્ષેત્રે આગળ વધવા જરૂરી એવી સાચી સમજ અને પ્રેરણા એમાંથી મળી રહેશે.

નાના સાધકો આત્મકથાનો સંક્ષેપ વાંચે ને ગુજરાતી ના જાણતા **प्रकाशपथका यात्री** અને કેવળ અંગ્રેજી વાંચી શકતા, Steps Towards eternity–જરૂરથી વાંચે.

આ સંકલ્પના ચોકીદાર દરેકે જાતે જ બનવાનું છે.

**– તંત્રી**



# નવયુગના નૂતન મંત્રો

ડો. પ્રકાશ ગજ્જર

તમે આ પાનાં વાંચી રહ્યા છો એનો એક અર્થ એવો થાય કે તમે એક જિજ્ઞાસુ આત્મા છો અને જીવનવિકાસની બાબતમાં માહિતી વધારવાનો તમને શોખ છે. લેખનું શીર્ષક જોયા પછી પણ તમે વાંચવાનું શરૂ કર્યું એ દર્શાવે છે કે ઠીક ઠીક ખુલ્લા દિમાગ સાથે વિચારવાનું ને વિહરવાનું તમને ગમે છે. બાકી આ વિષયમાં જિજ્ઞાસા કોને હોય? મંત્રવિજ્ઞાનનાં રહસ્યોના સાગરમાં ઊંડા ઊતરવાનો કોઈ જ ખ્યાલ નથી અત્યારે મારા મનમાં અથવા તો મારે એમ સ્પષ્ટ કરવું જોઈએ કે જે પરંપરા-ગત રીતે આપણે મંત્રક્ષેત્રને જાણીએ છીએ એના કરતાં ઘણી જુદી વાત મારે કરવાની છે.

આપણે એમ માનીને ભલે ગૌરવ અનુભવતા રહીએ કે મંત્રવિજ્ઞાન આપણી આદ્યસંસ્કૃતિની એક અનોખી પરંપરા છે. પણ આપણું એ ગૌરવ ત્યાં જ પૂરું ના થઈ જવું જોઈએ. આપણે એ વિપુલ વારસાના વારસદાર છીએ જેનો દુનિયામાં જોટો નથી. એ મંત્રઊર્જાને આપણે જીવનમાં ઉતારવાની છે.

આપણા રહસ્યદર્શી જ્યોતિર્ધરોને મંત્રશક્તિની ગૂઢ પ્રક્રિયા-ઓ અને પરિણામોનો સ્પષ્ટ ખ્યાલ હતો. એ મહામનીષીઓએ જાણે મંત્રસાગરનું તલાતલ સુધી મંથન કર્યું હતું. એમાંથી જે નવનીત પ્રાપ્ત થયાં એનો સાર જોવા જેવો છે.

- મંત્ર મનને તર કરે.
- મંત્ર મનની દિશાને બદલે.

- મંત્ર એકાગ્ર અને અંતર્મુખ કરે.
- મંત્ર ઉચ્ચતર શક્તિઓનું પ્રાગટ્ય કરે.
- મંત્ર દિવ્યતા ને સૂક્ષ્મતા તરફ ગતિ કરાવે.
- મંત્ર પરમ તત્ત્વ સાથે અનુસંધાન કરાવે.
- મંત્ર આંતરિક ક્ષિતિજોનો વિસ્તાર કરે.
- મંત્ર બીજી અનેક સુભગ પ્રક્રિયાઓ કરે.

પરંપરાગત મંત્રવિદ્યાનું અનુશીલન કરવા માટેની કેટલીક શરતો હોય છે ને એમાં કાંઇ ખોટું પણ નથી. શરીરની સ્વચ્છતા, બેસવાનું સ્થળ અને સમય, આસન વગેરે બાહ્ય બાબતો સાથે કેટલાય આંતરિક યમનિયમોનું પણ પાલન કરવાનું હોય છે.

પણ અહીં તો આપણે મંત્રને એક સાવ જ નવી દૃષ્ટિએ વિચારીશું. મંત્ર એકાક્ષરી હોય ને સો અક્ષરવાળો પણ હોય. એક રીતે તો એકેએક શબ્દ, અરે અક્ષર મંત્રમય હોય છે. પેલું સુભાષિત કહે છે તેમ ''એનો યોજનારો દુર્લભ હોય છે.'' છેલ્લાં પચાસ વરસમાં જ આપણા દેશમાં સેંકડો નવા મંત્રો ઊગી ગયાનો અંદાજ બાંધી શકાય.

રાજસ્થાનમાં ગયા દાયકામાં એક મુનિયોગીએ પોતાના નામનો મંત્ર પોતાના સાધકોને આપવા માંડ્યો હતો, એમાં કશુંક ખોટું હતું એમ વિચારવાનું છે જ નહીં. સહુને પોત-પોતાના ગુરુદેવ ગમે ને આ રીતે એમનું સન્માન થાય, લાભ લેવાય, તો કોઇને શો વાંધો?

વર્તમાનયુગના મંત્રો કેવા હોવા ઘટે? છેલ્લાં સાંઠ વરસથી હું આ વિષે વિચારતો રહ્યો છું. વય અને વાંચન વધતાં આ દિશામાં ઠીક ઠીક આગળ વધાયુ ને સાવ અનોખા મંત્ર મળતા ગયા. યાદ રહે કે તમે જે કોઇ મંત્ર અત્યારે કરતા હો એની



સાધનામાં જરા પણ દખલ કરવાની જરૂર નથી હોતી. આધુનિક ડોક્ટરો જેમ રોજિન્દા આહાર સાથે પૂરક ખોરાકની ભલામણ કરે છે તેમ હવે પછી આવનારાં સૂચનો અને ચર્ચાને 'પૂરક આધ્યાત્મિક જીવનદાયી પોષક પ્રક્રિયા' ગણવામાં વાંધો નહીં!

અંગ્રેજી ભાષામાં 'ટ્રીગર' નામનો એક શબ્દ છે. એને હું સાદી ભાષામાં 'ચાંપ' અથવા તો 'સ્વીચ' કહું છું. આપણે સ્વીચ દબાવીએ ને લાઇટ ચાલુ થાય અથવા તો અન્ય કોઇ વીજળિક ઉપકરણ કામ કરવા લાગે. એવી ચાંપોનો ઉપયોગ શીખવાનો છે.

મને ઘણા મંત્રો પ્રિય છે. એમાં નવા મંત્રોની સંખ્યા પણ મોટી થવા જાય છે. એમાં પણ અતિપ્રિય મંત્ર તે ''મારા પ્રભુ-ની ચેતના મારી આગળ આગળ જાય છે ને મારા રાહને સરળ અને સફળ બનાવે છે'' એને ગણવો પડે. પરંપરાગત મંત્ર-સમુચ્ચયથી ટેવાયેલા અથવા તો મજબૂત પાળી બાંધીને બેસી ગયેલાઓને આમાં આશ્ચર્ય થવાનો સંભવ છે. શીરાનો સ્વાદ એના પ્રાશનમાં, તેમ ઉપરના કહેવાતા મંત્રનો સ્વાદ અને પરિણામનો અનુભવ પણ એના પ્રયોગમાંથી મળી શકશે.

'ૐ શાન્તિ' મંત્રનો ઉપયોગ ઓછો થયો છે ને એને ઘસારો વધારે લાગ્યો છે. ખૂબ જ ભાવપૂર્વક 'ૐ શાન્તિ'નો મંત્ર ઉચ્ચારાય તો શરીર અને મનમાં એનો પ્રભાવ જોવા મળે જ.

'જય ભગવાન' મારો પ્રિય મંત્ર. એના અનેક ચમત્કાર મેં જોયા છે. શાન્તિ, અશાન્તિ કે નિપટ સમતાના સમયમાં આ મંત્ર મારા માટે એક જાદુઇ શબ્દગુચ્છનું કામ કરે છે.

'મારા પ્રભુ' એ શબ્દોનો ઉપયોગ પણ ક્યારેક કરવા જેવો છે. હું અન્ય વિષે મનમાં વિચારું ત્યારે એમના માટે આ સંબોધન હોય. ક્યારેક ખુદને પણ એ સંબોધન કરું.

'આનંદ...આનંદ' તો વળી મહામંત્ર બની શકે. ગમે એવા વિષાદને ગાળી નાંખવાની એનામાં તાકાત છે.

આવા જ બીજા કેટલાક મંત્રો પણ મને જડી ગયા છે, જે વ્યવહાર જગતમાં પણ એક જડીબૂટ્ટીનું કામ કરે છે. એમનું પરિણામ મળે જ.

● "આ સમય પણ વહી જશે." આને તો દીવાલ ઉપર જ નહીં, હૃદયમાં પણ લખી રાખવું ઘટે. જ્યારે લાગે કે સંજોગો સાવ વિફરી ગયા છે, મહાતોફાન જામ્યું છે ને આપણે કાંઇ જ કરી શકીએ એમ નથી, હવે ખેલ ખલાસ થવા પર છે, ત્યારે આપણે આ મંત્રનું ચિંતન કરવું. સારા સંજોગોમાં પણ આ ચિંતન એક સુંદર પ્રેરણા સાથે આનંદ આપશે.

● "નિપટાવી નાંખો." એ મંત્રને ભાગ્યે જ કોઇ મંત્ર તરીકે સ્વીકારશે. કોઇ પણ કામ અને ગૂંચને ઉકેલવાનો આ તો રામબાણ ઇલાજ છે. "આ કામ પતાવવું જ છે...." એવો નિર્ણય જ્યારે મનમાં પડઘાવા લાગે ત્યારે શરીર જ નહીં, દિશાઓ પણ પડઘા પાડવા માંડે છે. પછી તો "યા હોમ કરીને પડો" તો "ફત્તેહ છે આગે." તમે "છોડો ને હવે" એ મંત્રને પણ આની સાથે જોડી શકો. એકદમ નિર્ભાર થઇ જવાની ચાવી એમાં છે. ઘણું એવું છે જે છોડવા જેવું જ હોય છે.

● "ચાલો, પ્રવાહમાં વહેતા થઇએ." ઘણી વાર બાથોડિયાં મારવાનું નિરર્થક બની રહે ત્યારે પ્રવાહમાં વહેતા થવાનું જ લાભકારક બને છે. વિરોધ નથી કરવો. શું થાય એ જોવું છે.

● "ગૂંચવાડો નહીં, સરળતા." કેટલાક માણસો સરળતાના સાધકો હોય છે. તો ઘણા બધાને ગૂંચવાડા ને ગોટાળામાં મઝા આવતી જોવા મળે છે. ગૂંચવાડા નામ પ્રમાણે ગૂંચવે જ,



ને ગોટાળા ગોટે ચઢાવે. આપણે ગ્રંથિઓ વધારવી નથી. સરળતાનો સંકલ્પ કરવો છે. પોતે જ પહેલ કરવી. બીજાના પ્રતિભાવની ચિન્તા ના કરવી.

● "ખંખેરી નાંખો." કોઇ માણસ હાજરીમાં કે ગેરહાજરીમાં ગમે તેમ બોલ્યો તો ઝગડો વધારાય જ નહીં. રસ્તે ઊભા હોઇએ ને ચકલી કે કાગડો પોતાના દુષ્ટસ્વભાવ પ્રમાણે આપણાં કપડાંને કે મસ્તકને ખરાબ કરે તો શું કરીએ? ખંખેરી નાંખીને ચાલવા લાગવાનું. જવાબનો, સમજાવવાનો, પ્રત્યાઘાતનો કોઇ અર્થ જ નથી રહેતો. અપમાન, ચિન્તા, પસ્તાવો, બધું ખંખેરવાનું જ.

● કાંઇક પરંપરાગત લાગે છતાં આજે પણ એટલા જ ઉપયોગી મંત્રોમાં "પ્રભુ! મને બળ આપો," એ ભાવનો હું ખાસ સમાવેશ કરું. જે જગતમાં જીવીએ છીએ એ રોજેરોજ બેચાર સંજોગ તો એવા ઊભા કરે જ કે આપણને આ હાથવગી પ્રાર્થના ઉપયોગી થાય જ.

● "નાની નાની બાબતોની પણ મોજ લેવી" ભઇ, જેને ના માનવું હોય એ ભલે ના માને; હું તો આને મહામંત્ર કહીશ અથવા તો મહામહા સલાહ કહીશ. આમેય જીવનમાં મોટી મોટી બાબતો કેટલી ઓછી હોય છે? મહાઘટનાઓ તો જાણે શૂન્ય જેવી. માટે જ તો નાની નાની બાબતોની મોજ લેવાનો કીમિયો શીખી લેવો પડશે.

● "ટટ્ટાર ખડા રહેવું છે." સંજોગો એવા થઇ ગયા છે કે આ સાદી બાબતની પણ પોતાની જાતને યાદ આપવાની વેળા આવી છે. ઢીલો લાગતો, અંદરની ઢીલાશ અનુભવતો માણસ જો આ શબ્દો બોલે તો એના મનની સાથે આત્મા પણ ટટ્ટાર

થશે, શક્તિના પ્રવાહો વહેવા લાગશે.

● ''અરે, આને તો હું પહોંચી વળીશ.'' આપણા વ્યવહાર જગતમાં આ મંત્ર ભારે કામનો છે. સંસારના જે પ્રકારના રંગઢંગ છે એમાં કસોટી કરનારી નિરનિરાળી પરિસ્થિતિઓના હુમલાને શોધવા જવાની જરૂર રહેતી જ નથી. સંજોગો આપો-આપ વણસે ને મૂંઝવે. આવા સમયે ઢીલાપોચા થઇ બેસી જવાને બદલે આપણે મજબૂત નિરધાર જાહેર કરવો જોઇએ.

કોઇને એમ લાગવાનો સંભવ છે કે આ બધાને મંત્ર નહીં પણ પ્રાર્થના, દૃઢ સંકલ્પ, આત્મસંકેત કે એવું નામ વધારે શોભે. આમાં નર્યું મનોવિજ્ઞાન પણ કોઇને દેખાય. મને લાગે છે કે પોતાના દિમાગ વાપરીને અને બીજાની સલાહો માનીને આપણે અધ્યાત્મનો અર્થ સાવ સંકુચિત કરી નાંખ્યો છે. અને ધારો કે મંત્ર—નવમંત્ર—ના નામે કશુંક ભળતું જ પ્રવેશી ગયું તોય શું છે? કસોટીનો પથ્થર કામે લગાડો. આ ખરેખર ઉપયોગી છે? લાભકારક છે? જીવનનું સ્તર સુધરશે? અંતર્મુખ બનાશે? આંતરિક શક્તિઓ જાગશે? તો વ્યાખ્યાઓ અને અર્થઘટનના વિતંડાવાદમાં પડવામાં કઇ બુદ્ધિમાની છે? અરે, ઊંડા શ્વાસ લેવાથી પણ જો ઉપર ગણાવેલામાંથી થોડાક લાભ પણ થતા હોય તો એનેય મંત્ર કહેવામાં શું વાંધો છે? જો કે 'મંત્રમહાર્ણવ'નામના વિશદ મંત્રગ્રંથમાં સાક્ષાત્ ભગવાન શિવે ઘાસને મંત્ર ગણાવ્યો છે. પણ આવી સાબિતીઓ અને સાક્ષીથી શું? આપણે ત્રણ યોગ કરીએ તો? ઉપયોગ, પ્રયોગ અને સંયોગ. આ યોગત્રિવેણીમાં અવગાહન!

જેમની પાસે સમયની અનુકૂળતા હોય એવા સદ્ભાગી જીવો રોજ ભગવદ્ગીતા જેવો જ્ઞાનના સાગર સમો મહાગ્રંથ



વાંચી જાય છે. કેટલાકનાં અનુષ્ઠાન રોજ ચાર છ કલાક પણ ચાલતાં હોય. બહુ જ સરસ. અભિનંદવા જેવી વાત.

પણ ઘણી જગાએ એનાથી આગળ જે દૃશ્યો જોવા મળે છે એ આનંદદાયક નથી હોતાં. રોજ ગીતાનું પારાયણ કરતાં વ્યક્તિગત જીવનમાં દુર્યોધનનો નવો અવતાર બની જાય છે. લાગે છે કે એનું પારાયણ પાણીમાં ગયું. રોજ ચાર છ કલાક મંત્રાનુષ્ઠાન કરનારના બાહ્ય વ્યવહારમાં તો ઠીક, પણ મનના પ્રવાહોમાં પલ્ટો ના આવે તો એ આખી પ્રક્રિયા વિષે ફેર-વિચારણા એકદમ જરૂરી બની જાય છે.

પણ સહુને જે ગમે તે ખરું. આપણે શું કરવા માગીએ છીએ? સાક્ષાત્કાર, ઈશ્વરદર્શન, પરમ દિવ્યતા એ ભારે ભારે બાબતો છે. ભૂતકાળને ભૂલવો છે? ભવિષ્યની ચિન્તામાંથી મુક્ત થવું છે? મનમાં શાન્તિ જોઇએ છે? હૃદયની વિશાળતા ગમે છે? ક્રોધાદિની ચુંગાલમાંથી મુક્ત થવું છે? અન્ય સાથેના સંબંધોને મધુર બનાવવા છે? માનસિક તેજસ્વિતા કેળવવી છે? એકલક્ષિતા જોઇએ છે? પ્રચંડ આત્મવિશ્વાસના સ્વામી બનવું છે? બાહ્ય વિકાસ પણ સાધવો છે? સર્વાંગી સમૃદ્ધિના સ્વામી બનવું છે? સંપૂર્ણ સ્વાસ્થ્યનો સતત અનુભવ કરવો છે?

બોલો બોલો, જવાબ આપો! આમાંથી થોડી બાબતોમાં પણ તમને રસ હશે જ. એ દિશામાં આગળ ધપવા તમે કાંઇક તો કર્યું જ હશે. સંભવ છે કે તમને સંતોષ હશે. સંભવ છે કે સંતોષ ના પણ હોય. આપણા જનકવિ સ્વ. પ્રદીપજીએ ગાયું હતું તેમ ''ઉપર સે ખામોશ રહે તૂ...ભીતર ભીતર રોય....'' એવી સ્થિતિ પણ હોઇ શકે છે. એ પૃથક્કરણ જાતે જ કરી લેવાનું યોગ્ય રહેશે.

વેપારની ભાષામાં વાત કરું? હોંશિયાર વેપારી બેચાર જગાએ 'ઓવરડ્રાફ્ટ'ની સગવડ રાખે છે. આપણેય જગતના બજારમાં તો ખરા ને? મંત્ર કરીએ, પ્રાર્થના કરીએ, ધ્યાનમાં વત્તા-ઓછા ઊંડા ઊતરીએ, એ તો બરાબર. પણ એકબે નવી યુક્તિઓ જો લાભકારક ભાસે, ગમે તો નવીન પ્રયોગ માટે કેમ તૈયાર ના થઈએ? હવે શાની રાહ જોવાની? 'જય ભગવાન.'

**વાર્ષિક ગ્રાહકોને લવાજમ મોકલવા અંગે સૂચના**

અધ્યાત્મ માસિકનું વાર્ષિક લવાજમ ભરતા સાધકો તેમજ ધ્યાનકેન્દ્રના જે ભાઈબહેનો આ કામ સંભાળતા હોય તેમને નમ્રતાપૂર્વક જણાવવાનું કે અધ્યાત્મ માસિક ઓક્ટોબર, ૨૦૦૫ માં ૨૬ વર્ષ પૂરાં કરી, ૨૭ મા વર્ષમાં પ્રવેશ કરે છે. તો વાર્ષિક લવાજમવાળા ગ્રાહકોની યાદી ને પૈસા વેળાસર નીચેના સરનામે મોકલાવે.

ડો. બી. જે. જાગાણી
૨૪, નાલંદા ટેનામેન્ટ્સ,
ભાંગલી ગેટ પાસે, ભાવનગર—૩૬૪૦૦૨.

મનીઓર્ડરથી મોકલતી વ્યક્તિઓ પણ ઉપરના સરનામે જ મનીઓર્ડરમાં પોતાનું નામ સરનામું પોતાના હાથે જ નોંધી, ભરી મોકલે, એ જ વિનંતી. કારણ કે કોમ્પ્યુટરમાં તે નોંધાતું નથી. એટલે ખબર પડતી નથી કે પૈસા કોણે મોકલ્યા છે.



# પરમાત્મા સાથેનું અનુસંધાન

ઉન્મેશભાઈ મહેતા C.A.

**પ્રસ્તાવનાઃ—**

જગદ્‌ગુરુ શંકરાચાર્યએ કહ્યું છે કે ત્રણ બાબત પ્રાપ્ત થવી અતિ દુર્લભ છે. પ્રથમ તો મનુષ્યજન્મ મળવો તે અતિ દુર્લભ છે. મનુષ્યજન્મ મળ્યા પછી પણ મુમુક્ષત્વ જાગવું તે એનાથી પણ વધુ દુર્લભ છે. આ બંને હોવા છતાં મહાપુરુષો અને મહાત્માઓની કૃપા, સાન્નિધ્ય અને માર્ગદર્શન મળવાં તે સૌથી દુર્લભ બાબત છે.

આપણે સહુ અત્યંત ભાગ્યશાળી છીએ કે પરમપિતા પરમાત્માની કૃપાથી આપણને આ ત્રણેય બાબતો સુલભ થઈ છે.

પરંતુ શું આપણે આપણને મળેલ આ બાબતો પ્રત્યે જાગૃત છીએ? શું આપણે આપણને મળેલ આ બાબતો માટે પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતા અનુભવીએ છીએ? શું આપણે આપણને મળેલ આ દુર્લભ માનવ અવતારનો હેતુ સમજ્યા વિના આપણે તેમને taken for granted ગણી લીધી છે? શું સુખવાદ અને eat, drink and be marry એ જ આપણા જીવનનો હેતુ છે? શું ભૌતિક સુખ અનો ભોગ—વિલાસ એ જ આપણું લક્ષ્ય છે? પરમભોગીમાંથી પરમયોગી બનેલા ભર્તુહરિ પોતાના અનુભવ પરથી કહે છે કે

''કાલં ન ગત્વા, વયમેલ ગત્વા,
વિષયં ન ભોક્ત્વા, વયમેવ ભોક્ત્વા.''

'સમય પસાર નથી થતો આપણે જ પસાર થઈ જઈએ

છીએ. આપણે શું વિષયોને ભોગવવાના હતા, તે જ આપણને ભોગવી જાય છે.'

આપણે જાણવું જોઇએ કે કંઇ કેટલીયે અન્ય યોનિઓના જન્મ પછી આપણને મનુષ્યજન્મ, મુમુક્ષત્વ અને મહાત્માઓની કૃપા આ બધી જ બાબતો સુલભ થઇ છે, અને આ બાબતો સુલભ કરાવવા પાછળ પ્રભુનો કંઇક હેતુ છે. આપણે આપણને મળેલ મનુષ્યજન્મના લક્ષ્ય બાબત જાગૃત થવું પડશે.

પ્રભુએ આપણને આપેલ આ મનુષ્ય જીવનનો હેતુ આપણે આપણી અંદર અને બહાર સઘળે વ્યાપેલી દિવ્યતાને ઓળખીએ તે છે. આપણે પોતે વાસ્તવમાં સત્–ચિત્–આનંદ સ્વરૂપ આત્મા છીએ તે પ્રત્યે આપણે જાગૃત થવાનું છે. આપણે તથા બ્રહ્માંડની સઘળી ચીજો પરમતત્ત્વ પ્રભુનો જ અંશ છે તે જાણવાનું છે. આ મહાન સત્યને જાણવું, સમજવું અને અનુભવવું તે જ આપણને મળેલ આ દુર્લભ માનવજીવનનો હેતુ તથા લક્ષ્ય છે. આ માટે જ આપણને બધી જ બાબતો પરમકૃપાળુ પરમાત્માએ સુલભ કરી છે.

અનુસંધાનની અગત્યતાઃ—

આપણી પોતાની તથા સઘળા બ્રહ્માંડમાં વ્યાપેલી દિવ્યતાના અનુભવ માટે જરૂરી સૌથી અગત્યની બાબત જો કોઇ હોય તો તે છે પ્રભુ સાથેનું અનુસંધાન. પ્રભુ જ સઘળી દિવ્યતાનો સ્રોત તથા ઉદ્‌ગમ સ્થાન છે તેની સાથે અનુસંધાન સાધવાથી જ આપણે દિવ્યતા પ્રત્યે સભાન થઇ શકીશું.

લક્ષ્ય પ્રાપ્ત કરવાના ત્રણ માર્ગ કહેવાયા છે. જ્ઞાન, યોગ અને ભક્તિ. પરંતુ ઘણી વખતે માહિતી તથા તર્ક–વિતર્ક ને જ્ઞાન સમજવામાં આવે છે. આ સાચું જ્ઞાન નથી. અંદરથી જાગતું



અને અનુભૂતિથી થયેલ જ્ઞાન જ સાચું જ્ઞાન છે. મોટાભાગના મનુષ્યો માટે જ્ઞાન, યોગ, કર્મ તથા ભક્તિનો સમન્વય જ તેમને ઝડપથી લક્ષ્ય સુધી લઇ જાય છે. સમન્વય યોગ Yoga of Synthesis એ જ સુગમ અને ઝડપી માર્ગ છે. એમાં પણ ભક્તિતત્ત્વનું મહત્ત્વ સામાન્ય માનવી માટે ઘણું જ છે. ભક્તિ જ એ પાણી છે કે જેમાં જ્ઞાનનું વહાણ ઝડપથી ચાલે અને ધ્યાન તથા કર્મ વગેરે તેનાં હલેસાં અને શઢ છે. ખરેખર તો આધ્યાત્મિક માર્ગે પ્રગતિ માટે પ્રેમપૂર્ણ હૃદય સૌથી મોટી બાબત છે.

ભગવાન શિવ એટલે જ પાર્વતીને કહે છે કે 'મનુષ્યે ભલે વિવેક પ્રાપ્ત કરવાના પ્રયત્ન કર્યા હોય, તપ, સંયમ, મનોનિગ્રહ આ બધું જ તે કરતો હોય, તે પછી પણ યોગવિના પ્રભુ પ્રાપ્ત થતા નથી. આ યોગ એટલે જ અનુસંધાન. યોગ એ યુજ્ ધાતુ પરથી આવેલો શબ્દ છે જેનો અર્થ છે જોડાવું. એટલે કે અનુસંધાન કરવું. પારસમણિ તો લોઢાને સ્પર્શથી સોનું બનાવી શકે છે, પરંતુ પ્રભુના સ્પર્શથી આપણે સામાન્ય મનુષ્યમાંથી પ્રભુસમાન બની જઇએ છીએ. બે ચકમકના પથ્થરોના ઘર્ષણથી જ અગ્નિ પેદા થાય છે તેમ આપણી અંદર દિવ્યતાની ચિનગારી પેટાવવા માટે આપણે પ્રભુ સાથે અનુસંધાન કરવું પડશે.'

આથી જ પ્રખર જ્ઞાની એવા શંકરાચાર્ય કહે છે. 'ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્ મૂઢમતે' ભગવાન ગીતામાં આથી જ વારંવાર 'મત્ચિત્ત', 'મત્પર', 'યુક્ત' શબ્દોનો ઉપયોગ કરીને આપણને કહે છે કે 'તું અનુસંધાન સાધીને જ મને પ્રાપ્ત કરી શકીશ.'

'મન–ભક્તિ મને અર્પ, મને પૂજ, મને નમ,
મને જ પામશે આવા યોગથી મત્પરાયણ.'

આમ લક્ષ્ય પ્રાપ્ત કરતા આપણે પ્રભુ સાથે અનુસંધાન સાધવાનું છે, આજ સાધના આપણે કરવાની છે.

**અનુસંધાનમાં અવરોધક પરિબળોઃ—**

આપણે આપણું લક્ષ્ય શું છે તે જોયું તેમ જ તે લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે અનુસંધાનની અગત્યતા પણ જોઈ. પરંતુ આ લક્ષ્યમાં આડે આવતાં પરિબળોને પણ સમજી લેવાં જરૂરી છે જેથી આપણે અનુસંધાન સાધવા માટે જે કોઈ પ્રયત્નો કરીએ તે વધુ કાર્યક્ષમ અને અસરકારક બને. આપણી વર્તમાન પરિસ્થિતિ કેવી છે તેનું મૂલ્યાંકન કરીને જો આપણને જો એમ કહેવામાં આવે કે આપણી અંદર ભારોભાર વિષ ભરેલું છે તો? આપણો પ્રત્યાઘાત કેવો હોય? આપણને અચંબો થઈ શકે અથવા અણગમો થઈ શકે. આપણે એ વાતને સ્વીકારવા રાજી ન થઈએ. પરંતુ આ બાબતનો ઉંડાણપૂર્વક વિચાર કરવામાં આવે તથા આપણા અંતરનું અવલોકન કરવામાં આવે તો આ વાત આપણે સાચી માનવી પડે. આપણી અંદર રહેલા કામ, ક્રોધ, અહંકાર, ભય, લોભ, મોહ, ઈર્ષા, દ્વેષ આ બધા વિષ જ છે. બહારથી તંદુરસ્ત અને સ્વસ્થ. શાણા દેખાતા માનવી અંદરથી વધતે ઓછે અંશે આ બધા ઝેરી તત્ત્વોથી ભરેલા રોગિષ્ઠ છે. આ બધા રોગનાં મૂળ માનવીના અંતઃકરણમાં જડ ઘાલીને બેઠાં છે. અને તે મનના વિચારો તથા બાહ્ય આચરણદ્વારા પોતાને સતત વ્યક્ત કરે છે. વિશ્વમાંની અશાંતિનું કારણ પણ આ જ છે. આવા આંતરિક વિષ જ મોટે ભાગે શારીરિક અને માનસિક રોગરૂપે બહાર દેખાતા હોય છે. પ્રભુ જ મનુષ્યનો સાચો પિતા, માતા, બંધુ અને મિત્ર છે તેનું વિસ્મરણ જ મનુષ્યની અશાંતિનું કારણ છે.



માનવીનું સાચું સ્વરૂપ અને સ્વભાવ તો સત્ ચિત્ આનંદ છે. શાંતિ, પ્રેમ, આનંદ, સત્ય, તેજ તેનો સ્વભાવ છે. પરંતુ આ મૂળસ્વરૂપ પર છવાયેલા વિષ ભરેલા વેલાઓ તેને તે વાતની જાણ નથી થવા દેતા. આથી માનવી શાંતિ, પ્રેમ અને આનંદ પોતાની અંદર હોવા છતાં તેની શોધ બહાર કરે છે.

આપણે આપણા વિચારો પર નિયંત્રણ રાખી શકતા નથી. ઘડીકમાં આપણે સુખ અનુભવીએ છીએ તો ઘડીમાં દુઃખ. રાગ અને દ્વેષ વચ્ચે આપણે ઝોલાં ખાઈએ છીએ. આપણું સાચું સ્વરૂપ સત્ ચિત્ અને આનંદનું હોવા છતાં તેનો સાચો અનુભવ આપણે કરતા નથી. આ સ્થિતિ આપણી જ છે તેવું નથી. બધા સંતો અને ભક્તોએ પણ આ સ્થિતિનો અનુભવ કરેલો છે. તેથી જ સુરદાસ જેવા અનન્ય ભક્ત પોકારી ઉઠે છે.

“અબ મૈં નાચ્યો બહત ગોપાલ
કામ ક્રોધ કો પહિન ચોલનો
ગલ વિષયન કી માલ.”

ભર્તુહરિ પણ એટલે જ કહી ઉઠે છે કે “હું માત્ર એક જ વાર ભીક્ષા લઉં છું, અને માત્ર શરીરજ સાથે રાખું છું. અન્ય કોઈનો સંગ કરતો નથી. જૂનું ફાટેલું હજાર થીગડાંવાળું વસ્ત્ર પહેરું છું જેથી શૃંગારની અસર ન થાય. આટલું બધું કરવા છતાં પણ આ વિષયો તો જુઓ, મને છોડતા જ નથી. વિષયોની આંધિ મને ઉડાડ્યા જ કરે છે.”

આપણી આવી સ્થિતિનું પહેલું કારણ છે આપણું અશુદ્ધ અંતઃકરણ. આપણા અંતઃકરણમાં જન્મોજન્મની વાસનાઓ અને કામનાઓ સંસ્કાર બનીને દૃઢ થયેલી છે. આવા સંસ્કારોમાંથી ઊઠતી વૃત્તિઓ મનમાં વિચાર બનીને આપણા મનને

સ્થૂળ અને બહિર્મુખ રાખે છે. આમ આપણું અશુદ્ધ અંતઃકરણ એ આપણી અને પ્રભુની વચ્ચે આવતો પડદો છે. આવા અંતઃ-કરણને આપણે નિર્મળ અને પવિત્ર બનાવવું પડશે.

બીજું કારણ આપણું સ્થૂળ અને બહિર્મુખ મન છે. આવું સ્થૂળ મન આપણને એકાગ્રતા અને સ્થિરતા અનુભવવા દેતું નથી. આથી આપણે આપણા વિચારો પર નિયંત્રણ રાખી શકતા નથી, અને વિચારોના પ્રવાહમાં ડૂબી જઈએ છીએ. આપણી જાગૃતિ જાળવી શકતા નથી. સતત બહિર્મુખ રહેતું મન ઇન્દ્રિયો અને વિષયોના સંપર્કમાં આવતાં જ વ્યાકુળ થઈ ઉઠે છે. વિષયોની કામનાના વિચારદ્વારા અંતઃકરણના સંસ્કારો વધુ ગાઢ બને છે. આવા સ્થૂળ અને બહિર્મુખ મનને અંતર્મુખ અને સૂક્ષ્મ બનાવવું જરૂરી છે. તેને કેળવવાની અને તેના પર આધિપત્ય સ્થાપવાની જરૂર છે. આવા સૂક્ષ્મ અને અંતર્મુખ મનથી જ આપણે પ્રભુ સાથેનું અનુસંધાન સાધીને લક્ષ્ય પ્રાપ્ત કરી શકીશું.

(ક્રમશઃ)

○



# મા શ્રી શારદાદેવીનો ગૃહસંસાર–(૪)

(ગતાંકથી ચાલુ)

પ્રો. અરુણિકા મનોજ દરૂ

શારદામણિ તેમના તપઃપૂત જીવનને કારણે શ્રી મા તરીકે ઓળખાયાં હતાં; એટલે આપણે હવે તેમનો નામોલ્લેખ શ્રી મા તરીકે જ કરીશું.

આખો દિવસ શ્રી મા નોબતખાનામાં રહી, સાંસારિક કાર્યો કરતાં. રાત્રે શ્રી રામકૃષ્ણના ઓરડામાં તેમની અનુમતિથી સૂવા જતાં. એક દિવસ રામકૃષ્ણે પૂછ્યું : ''તમે મને સંસારને માર્ગે ખેંચી જવા આવ્યાં છો?'' ત્યારે શ્રી માએ કહેલું : ''હું તો તમને ઈષ્ટમાર્ગે સહાય કરવા આવી છું. એક દિવસ શ્રી માએ રામ-કૃષ્ણના પગ દબાવતાં પૂછી લીધું : ''તમે મને તમારી શું કહીને જાણો છો?'' શ્રી રામકૃષ્ણે સુંદર જવાબ આપ્યો : ''ખરેખર હું તમને સાક્ષાત્ આનંદમયી જગદંબા તરીકે જાણું છું'' આ વાર્તા-લાપ પરથી સ્પષ્ટ છે કે તેમનું દામ્પત્યજીવન એ સામાન્ય માનવીના સંસાર જેવું ન હતું, પણ લોકોત્તર હતું. શ્રી રામકૃષ્ણ તો દેહભાનથી પર થઈ આખી રાત સમાધિમાં વીતાવતા. શ્રી મા તેમના શરીરનું ધ્યાન રાખતાં. લગ્ન પછી રામકૃષ્ણે જગદંબાને આતુરતાપૂર્વક પ્રાર્થના કરી હતી કે હે મા, મારી પત્નીના મનમાંથી સ્થૂળ ભોગોની વાસનાને તદ્દન નિર્મૂળ કરી દેજે અને મા જગદંબાએ તેમની પ્રાર્થના સાંભળી હતી. બાકી જો શારદામણિ સંયમી ન રહ્યાં હોત તો શ્રી રામકૃષ્ણને સાધના કરવામાં અવશ્ય મુશ્કેલીનો સામનો કરવો પડત.

શ્રી રામકૃષ્ણે શારદામણિને દિવ્યપ્રેમનો અનુભવ કરાવ્યો હતો. કામારપુકુરમાં અને દક્ષિણેશ્વરમાં તેમને લૌકિક તથા

દૈવીસંપદાથી પ્રસંગોપાત્ વિભુષિત કર્યાં હતાં. હવે જનસમાજ સમક્ષ તેમને સન્માનિત અને ગૌરવાન્વિત કરવાની જરૂર હતી. તે માટે શ્રી માની અંદર રહેલી દૈવીશક્તિને સંપૂર્ણપણે જાગૃત કરવાની આવશ્યકતા હતી. એટલે રામકૃષ્ણે તેમની ષોડશી-પૂજાનો કાર્યક્રમ કર્યો.

ઇ. સ. ૧૮૭૨ ના જૂન માસમાં કાલીપૂજા માટે શુભ મનાતી ફલહારિણી અમાસની રાત્રિએ રામકૃષ્ણના ઓરડામાં ષોડશી પૂજાની બધી વ્યવસ્થા કરવામાં આવી. મંત્રોચ્ચાર સાથે પૂજાના પ્રારંભનો વિધિ પતાવી, રામકૃષ્ણે શ્રી માને દેવીના આસન પર બેસવા સંકેત કર્યો. આ બધી વિધિ જોતાં શ્રી મા ભાવાવસ્થામાં દેવીના આસન પર બેઠાં. ઠાકુરે મંત્રથી પવિત્ર થયેલા કળશના પાણીવડે શ્રી માનો અભિષેક કર્યો અને મંત્રો-ચ્ચારણ કરી દેવીને પ્રાર્થના કરી : "હે બાલિકા, હે સર્વ શક્તિની અધીશ્વરી માતા ત્રિપુરાસુંદરી! સિદ્ધિનાં દ્વાર ખોલી દો. અને આમના શરીર અને મનને પવિત્ર કરી, એમનામાં આવિર્ભૂત થઇ, સર્વ પ્રકારે કલ્યાણ કરો." પૂજા દરમ્યાન શ્રી મા સમાધિસ્થ રહ્યાં અને પૂજા પૂરી થયા પછી ઠાકુર પણ ઊંડી સમાધિમાં મગ્ન બન્યા. શારદામણિમાં મા ત્રિપુરાસુંદરીનો આવિર્ભાવ કરી શ્રી રામકૃષ્ણે ષોડશી પૂજા કરી. આરાધક અને આરાધ્યનો ભેદ ભૂંસાઇ ગયો. શારદામણિમાં મા જગદંબા ઊતરી આવ્યાં હતાં. આ ષોડશી પૂજાને અંતે તેમણે અત્યાર-સુધી કરેલી વિવિધ પ્રકારની તમામ સાધનાની પણ પૂર્ણાહુતિ કરી દીધી. ઊંડી ધ્યાનાવસ્થામાં લીન રહેલાં શારદામણિએ રામકૃષ્ણની સાધનાના ફળને ગ્રહણ કર્યું અને હવે તેઓ કેવળ સહધર્મચારિણી જ નહીં, પણ પતિ રામકૃષ્ણની સમગ્ર સાધના-



ની સિદ્ધિઓનાં અધિષ્ઠાત્રી પણ બની ગયાં. મા જગદંબાનો આવિર્ભાવ થતાં, વિશ્વના સર્વ જીવોનાં 'મા' બની ગયાં.

આ ષોડશીપૂજાની ઘટના ત્રિવિધ રીતે મહત્ત્વની ગણી શકાય.

(૧) શ્રી રામકૃષ્ણે સાધનાને માર્ગે પત્નીનો ત્યાગ નહીં, પણ સ્વીકાર કર્યો.

(૨) પત્નીને સાચા અર્થમાં સહધર્મચારિણી માની, તેનામાં મા જગદંબાનું ભાવસ્વરૂપ જગાડ્યું.

(૩) પોતાની વર્ષોની સાધાનાની સિદ્ધિઓ પત્નીને અર્પણ કરી, પતિ તરીકેનું અભૂતપૂર્વ કર્તવ્ય પૂર્ણ કર્યું.

વિશ્વના આધ્યાત્મિક ઇતિહાસની આ એક અભૂતપૂર્વ ઘટના ગણી શકાય. આમ રામકૃષ્ણે વર્ષોની સાધાનાની પરિસમાપ્તિ કરી, સહધર્મિણી તરફનું સર્વશ્રેષ્ઠ કર્તવ્ય પૂરું કર્યું.

આ ષોડશીપૂજા પછી પણ છએક માસ શ્રી મા ઠાકુરના ઓરડામાં જ સૂતાં હતાં, પણ રાત્રે ઠાકુરને સમાધિ લાગતી અને કોઇ અસાધારણ દિવ્યભાવ પ્રગટ થતો ત્યારે શ્રી મા બીકથી ધ્રૂજ્યાં કરતાં. એમને હેરાનગતિ થયાનું જાણી ઠાકુરે તેમને અમુક ચિહ્નો વખતે અમુક મંત્રો કાનમાં બોલવાનું શીખવી દીધું. તે છતાં સમાધિ ક્યારે લાગે અને કયા પ્રકારની હોય તેની સતત ચિંતામાં તેમનાથી રાત્રે ઊંઘી શકાતું નહીં. તેથી ઠાકુરે તેમને નોબતખાનામાં સૂવાનું કહ્યું. ઠાકુરનાં માતુશ્રી નોબત-ખાનાની ઉપલી ઓરડીમાં રહેતાં હતાં, શ્રી મા ભોંયતળિયે રહેતાં.

શ્રી મા ઠાકુરની અને તેમનાં માતુશ્રીની સેવા અંતઃકરણથી કરતાં. એક વર્ષ પછી તેઓ માંદા પડ્યાં એટલે પિયર ગયાં. ત્યાં થોડો સમય રહી પાછા ફર્યાં, એ દરમ્યાન પિયરમાં તેમના

પિતાનું મૃત્યુ થયું અને સાસરામાં પતિના વચેટભાઇનું પણ મૃત્યુ થયું.

પિતા રામચંદ્રના મૃત્યુથી માતાજીના પિયરમાં ગરીબાઇ વધી ગઇ. તેમની માતા ધનવાન કુટુંબોના ડાંગર છડવા લઇ આવતાં. સખત મહેનત કરવા છતાં પેટપૂરતું મળતું નહીં, તેથી છોકરાઓને આસપાસના ગામડાંઓમાં રહેતાં સગાંઓને ત્યાં મોકલી આપ્યા. શ્રી મા દક્ષિણેશ્વર આવી ગયાં પણ એમને સખત મરડો થયો. તબિયત જરા સારી થતાં પિયર ગયાં, ત્યાં રોગે ઊથલો માર્યો. પથારીવશ થયાં. વારંવાર શૌચ માટે જવું પડે, તેથી તળાવને કિનારે સૂઇ રહેતાં. આ સ્થતિમાં એક દિવસ તેમના નાનાભાઇ ઉમેશે કહ્યું : ''મોટીબહેન! અહીં સિંહવાહિનીદેવી છે. એમની સામે તમે અનશનવ્રત લેશો?'' પછી બેનનો હાથ પકડી તે બેનને ત્યાં લઇ ગયો. સિંહવાહિની-દેવીએ દસબાર વર્ષની છોકરીના રૂપમાં શ્રી માને દર્શન આપ્યાં અને દવા પણ આપી. આંખમાં મૂકવાની દવાથી, આંખમાંથી પાણી પડતાં બંધ થયાં અને ખાવાની દવાથી સોજા ઊતર્યા અને રોગ મટ્યો. આ ઘટના પછી શ્રી મા ત્યાંની માટી પોતાની પાસે રાખતાં અને દરરોજ થોડી મોંમા નાંખતાં. શ્રી માની વાત સાંભળી, તે પછી ઘણા લોકોએ સિંહવાહિનીની માનતા માનેલી અને સફળ થયેલી. આમ શ્રી માએ સિંહવાહિનીદેવીનો મહિમા તત્કાલીન સમાજમાં વધાર્યો.

શ્રી માને એકવાર મેલેરિયા લાગુ પડ્યો. બરોળ વધી ગઇ. તેના ઉપચાર માટે બદનગંજ જવું પડ્યું. દર્દીની બરોળ પર કેળનું પાન મૂકી, તેના પર બોરડીનું બળતું લાકડું મૂકી ઘસવા-માં આવતું. શ્યામાસુંદરી તથા શ્રી મા એ ઉપચાર માટે ત્યાં



ગયાં. શ્રી માએ ચૂપચાપ વેદના સહી લીધી. સામાન્ય દર્દીને તો ત્રણચાર માણસો હાથપગ દબાવી, પકડી રાખતા જેથી ભયના માર્યા દર્દી નાસી જાય નહીં. શ્રી માએ તો સહુને પકડવાની ના કહી અને ચૂપચાપ સહી લીધું.

એકવાર ગામમાં કાલીપૂજા વખતે અંગત ઝઘડાને કારણે નવમુખરજીએ, શ્યામાસુંદરીદેવીએ પૂજા માટે સંઘરેલા ચોખા ન લીધા. તેથી શ્યામાસુંદરી ખૂબ રડ્યાં. મા જગદંબાએ રાત્રે સ્વપ્નમાં દર્શન આપ્યાં એટલે ત્યારથી તેમને ત્યાં પ્રતિવર્ષ ત્રણ દિવસની પૂજા શરૂ થઇ. પહેલી પૂજા વખતે ચમત્કાર થયો. પૂજા માટે નાનીમાએ પાંચ મણ કમોદ મંગાવેલી પણ વરસાદ પડતો હતો. સૂકવે કઇ રીતે? તો પ્રભુકૃપાએ ચટાઇ પર ડાંગર સૂક-વેલી ત્યાં વરસાદ ન પડ્યો, પણ તડકો પડ્યો. આજુબાજુ બધે વરસાદ પણ ચટાઇ પર તડકો, કેવું આશ્ચર્ય! આમ ડાંગર સૂક-વેલી. બાર વર્ષ પછી મા જગદંબાની પૂજા બંધ કરવાનું વિચાર્યું, ત્યારે પણ જગદ્ધાત્રીએ રાત્રે સ્વપ્નમાં કહ્યું : ''તો અમે ચાલી જઇએ?'' અને શ્રી માએ તેમને રોકાવાનું કહ્યું અને ત્યારથી જયરામવાટીના માતૃમંદિરમાં દર વર્ષે પૂજાકાર્ય ચાલુ રહ્યું.

દક્ષિણેશ્વરમાં શંભુ મલ્લિક રામકૃષ્ણના પરમભક્ત અને ચાહક. તેમણે જોયું કે નોબતખાનાની પિંજરા જેવી ઓરડી શ્રી માના આરોગ્ય માટે હાનિકારક છે, એટલે તેમણે દક્ષિણેશ્વરમાં એક નાનકડું ઘર બંધાવી આપ્યું, શ્રી મા એ મકાનમાં રહી ઠાકુર માટે રાંધતાં અને પોતે તેમના ઓરડામાં લઇ જતાં અને તેમને ખવડાવી પાછા આવતાં. પણ ઠાકુરને મરડો થયો એટલે શ્રી માને સેવા કરવા ફરીથી નોબતખાનાની તે ઓરડીમાં રહેવું પડ્યું.

ઠાકુરનો ભત્રીજો હૃદયરામ અવારનવાર શ્રી માનું અપમાન કરતો. પણ કરુણામયી શ્રી મા હૃદયરામ પર કદી ગુસ્સો કરતાં નહીં. ઠાકુરે હૃદયરામને એક બે વાર ચેતવતાં કહેલું કે તું માતાજી સાથે તુચ્છકારથી વાતો નહીં કરતો. આની અંદર જે છે તે ફણા ઊંચી કરશે તો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ તને બચાવી નહીં શકે. પણ હૃદયરામ મિથ્યાભિમાની હતો. ઠાકુર-ની ગંભીર ચેતવણી તેણે સ્વીકારી નહીં અને સંજોગવશાત્ તેને કાલીમંદિર છોડવું પડ્યું. એટલે ઠાકુરની સેવા માટે ફરીથી શ્રી માને દક્ષિણેશ્વર આવવું પડ્યું.

શ્રી મા દક્ષિણેશ્વરમાં રહ્યાં ત્યારે મોટેભાગે નોબતખાનાની નાની ઓરડીમાં જ રહ્યાં. ઓરડી નાની. એમાં જ રહેવાનું, રાંધવાનું, જમવાનું. ઠાકુર માટે રસોઇ થતી. બીજા ભક્તો આવી ચઢતા તેમને માટે પણ શ્રી માએ રાંધવું પડતું. નાહવાની તથા શૌચ જવાની પણ તકલીફ રહેતી. પરોઢિયે ચાર વાગતાં પહેલાં શૌચસ્નાન પતાવીને શ્રી મા ધ્યાનમાં બેસતાં. પૂજા જપ ધ્યાનમાં દોઢેક કલાક ગાળતાં. રસોઇ કરતાં, ઠાકુરને નાહતાં પહેલાં તેલ ચોળી આપતાં. ઠાકુરને જમાડતી વખતે જાતજાતની વાતો કરતાં જેથી ઠાકુરને ભાવસમાધિ ન લાગે અને જમી શકે. ઠાકુરના જમ્યા પછી શ્રી મા થોડું અમસ્તું ખાતાં. પછી પાન બનાવતાં. જમ્યા પછી થોડો વિશ્રામ કરી, વાળ સૂકવતાં. સાંજ માટે દિવેટો સંકોરતાં. કપડાં ધોતાં. ધૂપદીપ કરી, ધ્યાનમાં બેસતાં. પછી રાતની રસોઇ કરતાં. સહુના જમ્યા પછી જમતાં અને જમીને ગુણપાટ પર શણનું ઓશીકું મૂકી સૂતાં. આમ આખો દિવસ કામ ચાલતું. પણ શ્રી માને સેવા માટેનું કષ્ટ કદી કષ્ટ લાગતું નહીં.



ઠાકુર પાસે ભક્તો આવતા, ભજનકીર્તન ભાવસમાધિ ચાલતાં, શ્રી મા એ બધાથી દૂર સેવાકાર્યમાં વ્યસ્ત રહેતાં, છતાં તેમણે કદી અસંતોષ વ્યક્ત કર્યો નહીં કે બળાપો કાઢ્યો નહીં, પોતાના પતિનું સાન્નિધ્ય બહારના લોકોને મળતું, તેટલું પણ તેમને ભાગ્યે જ મળતું, છતાં આ પતિવ્રતા નારી, તેમનાથી દૂર પણ તેમનામાં જ તન્મય રહેતાં. ઠાકુર પણ આખો દિવસ કામકાજમાં વ્યસ્ત માતાજી ઉપર વધારે પડતો બોજો આવી ન પડે તેનું ધ્યાન રાખતા.

શ્રી માને મહિને પાંચ છ રૂપિયા ખર્ચ માટે જોઇએ તે જાણીને ઠાકુરે પાંચસો છસો રૂપિયા બલરામ બોઝ પાસે જમા રખાવેલા અને બલરામ બોઝ એમાંથી છ મહિને માતાજીને ત્રીસ રૂપિયા વ્યાજ મોકલતા. ઠાકુર શ્રીમાને ભૂલથી પણ તુંકારે ન બોલાવતા. શ્રી મા તેમના પગ પર હાથ ફેરવી લેતા પછી તેઓ શ્રી માને નમસ્કાર કરતા.

શ્રી મા લજ્જાળુ હતાં. તેઓ સંપૂર્ણ રીતે ઠાકુરની ઇચ્છાને અનુસરતાં. તેઓ ઉદાર તથા વત્સલ હતાં. ઠાકુરની પાસે આવતા બાળભક્તો અને સ્ત્રીભક્તો શ્રી મા પાસે જતા ત્યારે શ્રી મા તે સહુનો આદરસત્કાર કરતાં. ઠાકુર ભક્તોએ આપેલાં ફળ તથા મીઠાઇ શ્રી મા પાસે મોકલતા. શ્રી મા થોડુંક રાખી, બાકીનું ભક્તોમાં તથા પાડોશના છોકરાઓમાં વહેંચી દેતાં. મોટેભાગે ભક્તોને તો તે જમાડીને જ મોકલતાં. શ્રી મા ઠાકુર માટે જાતે જ ભોજન બનાવતાં અને થાળી લઇ આવતાં. એક દિવસ એક સ્ત્રીભક્તે કહ્યું : ''મા, થાળી મને આપો.'' શ્રી માએ આપી. ઠાકુરે તેમનું અડકેલું ખાવાની ના પાડી અને શ્રી મા પાસે વચન માગ્યું કે કોઇ દિવસ કોઇના હાથમાં થાળી નહીં આપું તેવું વચન આપો. ત્યારે શ્રી માએ મક્કમતાથી પણ

નમ્રતાથી કહ્યું : ''તે તો મારાથી નહીં બને, તમારું ભોજન હું લાવીશ પણ કોઈ 'મા' કહી માગે તો હું ના નહીં કહી શકું. તમે ફક્ત મારા પ્રભુ નથી. બધાના છો.'' આ શબ્દો સાંભળી ઠાકુર પ્રસન્નચિત્તે જમ્યા.

મંદિરમાંથી હૃદયરામ દૂર થયો અને શ્રી માએ ઠાકુરની તન્મય બની સેવા કરી. ત્યાર પછી ઠાકુરની તબિયતમાં સુધારો થયો. ત્યારથી ઠાકુર મોટેભાગે શ્રી મા પર આધાર રાખતા થયા. મતલબ કે શ્રી માની સેવા સફળ થઈ હતી. શ્રી મા ઠાકુરના પગ દાબતાં, શરીરે તેલ માલિસ કરતાં. શરીરની અવસ્થા મુજબ રુચિકર તથા પૌષ્ટિક ખાવાનું તૈયાર કરી આપતાં. મતલબ કે શ્રી મા અનન્યપરાયણ સ્ત્રી બનીને રામ-કૃષ્ણમય બનીને જીવતાં હતાં. શરીરધર્મના ત્રણ દિવસ શ્રી મા રાંધતાં નહીં. એટલે કાલીમંદિરમાંથી પ્રસાદ આવતો, પણ તેથી ઠાકુરની તબિયત બગડી જતી એટલે તેમણે કહ્યું, ''જુઓ. મન જ શુચિ—અશુચિ ધરાવે છે. બહાર કશું અશુચિ છે જ નહીં. ત્યારબાદ શ્રી મા તે સમયગાળા દરમ્યાન પણ રાંધતાં.''

ઠાકુરને વૈદની દવા ચાલતી હતી ત્યારે વૈદે પાણી પીવાનો નિષેધ કરેલો. ઠાકુર તો નાના બાળક જેવા સરળ. એટલે શ્રી મા પોતે ખૂબ કાળજી રાખી, તેમને દૂધ ઉકાળીને, સમજાવી, પટાવીને જમાડતાં. સેવા તરફ દૃષ્ટિ રાખીને શુભ હેતુથી જૂઠું બોલીને વધારે દૂધ આપતાં. ભાત પણ થાળીમાં વધારે જણાય ત્યારે શ્રી મા ભાત દબાવીને આપતાં તેથી થાળીમાં ભાત વધારે જણાતો નહીં. ઠાકુરનાં મા હયાત હતાં ત્યાં સુધી ઠાકુર નોબત-ખાનામાં આવીને જમતા, પણ ઠાકુરનાં માતુશ્રીના મૃત્યુ પછી શ્રી મા ઠાકુરના ઓરડામાં જમવાનું લઈ જતાં. પછીથી એ કાર્ય



ગુલાબમાએ સંભાળ્યું ત્યારે શ્રી મા માટે ઘણીવાર દિવસો સુધી ઠાકુરના દર્શન દુર્લભ થતાં.

આમ ઠાકુર અને શ્રી માનો ગૃહસંસાર જગતની દૃષ્ટિએ અદ્ભુત હતો. અલૌકિક હતો. શ્રી માએ ગૃહસંસારમાં વિષાદ, અતૃપ્તિ કે માલિકીભાવનો અનુભવ કદી કર્યો ન હતો. ઠાકુરના દર્શને તેમનું હૃદયકમળ સમસ્ત્રદલે વિકસતું હતું તેથી શ્રી માનું હૃદય સદૈવ આનંદ અને પ્રેમથી પરિપૂર્ણ રહેતું હતું. ખરેખર આ દૈવી દામ્પત્યજીવન હતું. પુરુષ અને પ્રકૃતિ, શિવ અને શક્તિનો અભૂતપૂર્વ સંસાર હતો આ તો. શ્રી મા ઠાકુરની પરિચારિકા હતાં, પછી કાર્યશક્તિ બન્યાં અને અંતે શ્રી રામ-કૃષ્ણના દેહોત્સર્ગ પછી, ઠાકુરના સર્વ શિષ્યો અને ભક્તોના સદા પૂજનીય, વંદનીય શ્રી મા બની રહ્યાં. શ્રી રામકૃષ્ણસ્વરૂપા શ્રી મા!

(ક્રમશઃ)

By happy alchemy of mind,
They turn to pleasure all they find

– Mathew Green
(the Spleen)

હસમુખો ચહેરો કે હસમુખા સ્વભાવવાળો માણસ આ જગતનો સૌથી મોટો દાનવીર છે.

**— મેથ્યુ ગ્રીન**

### સ્વર્ગારોહણને આંગણે પ. પૂ. શ્રી યોગેશ્વરજીના

# જન્મદિનની ઉજવણી

**તંત્રી**

તારીખ ૧૫ ઓગસ્ટ એ ભારતનું રાષ્ટ્રીય પર્વ તો ખરું, પરંતુ તે પહેલાં તે યોગેશ્વર પરિવારના સાધકો માટે તેમના ગુરુ પૂ. યોગેશ્વરજીનો પ્રાકટ્ય દિન. તેથી તે દિવસે પૂ. મા શ્રી સર્વેશ્વરીના આદેશાનુસાર વધુમાં વધુ ભક્તો સ્વર્ગારોહણ, અંબાજીમાં એકત્રિત થયા. તેમાં તા. ૧૪ ના રોજ રવિવાર હોવાથી—શનિવારના દિનથી જ સાધકોનું આગમન સ્વર્ગારોહણમાં જોવામાં આવ્યું.

પોતાના પ્યારા ગુરુદેવના જન્મદિનની ઉજવણીના ભાગરૂપે સ્વર્ગારોહણના વિશાળ વિસ્તારમાં સરસ મજાની રંગોળી—રાતભર જાગીને સાધકબેનોએ પૂરી. તો બધા જ વિસ્તારોમાં ૐ મા પ્રભુના અક્ષરોવાળાં તેમ જ ત્રિરંગા દર્શાવતી પટ્ટીઓથી બધા જ પટાંગણને યુવાન સાધકોએ સુશોભિત કરી દીધું. એટલું જ નહિ પણ સ્વર્ગારોહણના વિશાળ વિસ્તારની સફાઈમાં નાનામોટા સર્વ સાધક ભાઈબેનોએ ભાગ લીધો. ગુરુદેવ અને પૂ. માના નામનો જપ કરતાં કરતાં—કરાઈ રહેલો આ સફાઈ-યજ્ઞ એક અનેરૂ દશ્ય ખડુ કરતો હતો. આ બે દિવસો દરમ્યાન સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના આયોજકો તરફથી—પૂ. શ્રીની કેનેડાની વિડિયો કેસેટ દર્શાવી જેથી પૂ. શ્રી ને પૂ. મા અહીં બધાં વચ્ચે ઉપસ્થિત છે તેવી લાગણી સૌએ અનુભવી.

પ્રારંભમાં જ શ્રી સ્વાગત પછી રાજુભાઈ જાનીએ બધા સાધક ભાઈબહેનોને ખાસ સૂચના આપી કે પ્રણામ વખતે બધા ઉપસ્થિત રહે અને જેમનાથી શરીરથી પ્રણામ ના થાય તો તેઓ બેસીને પણ મનથી પ્રણામ કરી શકે.



પૂ. શ્રીના પ્રવચનના પ્રારંભનો વિષય સદ્‌બુદ્ધિ ને વિવેક તેમ જ દુર્બુદ્ધિ હતો. સદ્‌બુદ્ધિસંપન્ન સન્માર્ગે ચાલે ને દુર્બુદ્ધિવાળો કુમાર્ગે જાય. પરદેશમાં કેટલાક એમને પૂછે કે મહાત્માજી અહીં ઠંડી ખૂબ પડે, એટલે અઠવાડિયે એકવાર નાહીએ તો ના ચાલે? પૂ. શ્રી રમૂજમાં કહે છે કે તો પછી ખાવાનું પણ અઠવાડિયે એકવાર કરો તો ચાલવું જોઈએ. તેઓ કહે છે કે અમારે હિમાલયમાં આનાથી ત્રણગણી ઠંડી પડે, છતાં અમે ખુલ્લામાં ઠંડે પાણીએ જ નાહતા. આ બધું મનનું કારણ છે.

પરદેશના લોકોમાં આજે એકવર્ગ એવો જોવા મળે છે માંસાહાર અને વ્યસનરહિત બની, સાદુ ને પવિત્ર જીવન જીવે છે. તેઓ રોજ સ્નાન કરી, પ્રભુની ભક્તિ કરે છે. તેઓ સમજ્યા છે કે મન ને ઈન્દ્રિયો ઉપર સંયમ કર્યા સિવાય સાચી શાન્તિ નહિ અનુભવાય. વળી આદર્શ ભક્તનાં લક્ષણો દર્શાવતાં તેઓએ કહ્યું કે એવા ભક્તનું ચિત્ત સદાકાળ ભગવાનમાં જ હોય છે, અને કોઈને પણ ઉપયોગી થવા તે હંમેશા તત્પર રહે છે. એ રીતે જોઈએ તો ભગવાન કૃષ્ણનું જીવન ખરે જ આદર્શ છે. આ પછી તેઓએ અધ્યાત્મ માસિકનો પ્રારંભ અને તે શરૂ કરવા પાછળનો હેતુ સમજાવી, સહુને તેમાં સહયોગ પ્રદાન કરવા અનુરોધ કર્યો હતો.

તા. ૧૪ મીના રાતના સાંસ્કૃતિક કાર્યક્રમ પણ સરસ રહ્યો. તેનો પ્રારંભ ચિ. સૃષ્ટિના કેસીયા પરના ગીતથી થયો તે પછી સુકૃતિ, દિશા, અવની, મુક્તેશ્વરી વગેરેએ દેશભક્તિનાં ગીતો

રજૂ કર્યાં. તો પ્રિયંકા અને દર્શનાબેને એક નાની નાટિકા રજૂ કરી. તે પછી મોટી બહેનોએ એક મજાનો રાસ રજૂ કરી બધાને ડોલાવી દીધા.

પૂ. માની જેમ જ બાળકોને પ્રોત્સાહિત કરવા માટે શ્રી સ્મિતાબેન કનેરિયા તરફથી ભાગ લેનાર દરેકને આર્થિક પુરસ્કાર આપવામાં આવ્યો.

છેલ્લે ભાઇઓ અને બહેનો વચ્ચે સરસ અંતાક્ષરી યોજાઇ, તેમાં યુવાન સાધક ભાઇબહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. એક સાત્ત્વિક આનંદના અનુભવથી આજનો દિવસ પૂરો થયો.

તા. ૧૫ મીના રોજ વહેલી સવારે યોગતીર્થમાં સાધકોએ 'યોગેશ્વર પ્રભુ દર્શન આપે'ના પ્રભાતિયાથી પ્રારંભ કર્યો. તે પછી યોગશૈવલ્ય હોલમાં પ્રણામ, બાવનીઓ ને ગુરુવંદના પછી શિવમહિમ્નનો સમૂહમાં પાઠ કર્યો.

તે પછી પૂ. ગુરુદેવના સ્વરૂપને ખાસ શણગારેલી પાલખીમાં સ્વર્ગારોહણ પરિસરમાં ભક્તોએ શ્રી યોગેશ્વર પ્રભુ નમો નમઃ મા સર્વેશ્વરી નમો નમઃ ફેરી રૂપે ફરી—કુટિયામાં એ પાલખીને વિરામ આપી, ધ્વજવંદનનો કાર્યક્રમ થયો જેમાં મેનેજર શ્રી ઘનશ્યામ દેસાઇએ ધ્વજ લહેરાવી સલામી આપી. શ્રી નિલેશ-ભાઇ ટેલર, શ્રી અજય કલોલા, શ્રી દમયંતીબેન, શ્રી જયુબેન, શ્રી દીપુબેન વગેરે તેમ જ કેટલાક ભક્તોએ દેશભક્તિનાં ગીતો ખૂબ ભાવથી અને જુસ્સાથી રજૂ કરી, વાતાવરણને રાષ્ટ્રીય-ભાવથી ભરી દીધું.

આ વખતે પૂ. શ્રીના સ્વરૂપની શોભાયાત્રા સ્વર્ગારોહણના પટાંગણમાં જ વિરામ પામવાને બદલે જાહેર માર્ગો ઉપર છેક અંબાજીના એસ.ટી. સ્ટેન્ડ સુધી ગઇ. સંગીતના વાદ્યોના તાલ



સાથે ભક્તો ખૂબ મુક્તમને હૃદયનો ઉલ્લાસ વ્યક્ત કરતાં નાચતા જણાયા, રસ્તાઓ પરની ઠીક ઠીક એકત્રિત થયેલી મેદની પણ કુતુહલપૂર્વક આ ઉલ્લાસ માણી રહી.

પૂ. શ્રીનો જન્મોત્સવ એટલે શ્રી યોગેશ્વર પરિવારનાં ભાઇ-બહેનો માટે તો જાણે નંદોત્સવ. એથી જન્માષ્ટમીની જેમ મટકી-ફોડ કાર્યક્રમ પણ યોજાયો. સાહસિક ભાઇઓ અને બહેનોએ તેમાં સ્પર્ધાત્મક ભાગ લઇ, સહુને સરસ મનોરંજન પૂરું પાડ્યું.

પોતાનો ભાવ પ્રદર્શિત કરવા બન્ને દિવસ શ્રી યોગેશ્વર લીલામૃતના છ અધ્યાયોનું પારાયણ સમૂહમાં ભક્તોએ કર્યું.

તા. ૧૫ મી એ બપોર પછી આચાર્યા શ્રી દીપિકાબેનની આરાસૂરિ કન્યા વિદ્યાલયની બહેનોએ પ્રાર્થના, ભજન, દેશભક્તિનું ગીત, એક પાત્રી નૃત્ય, ને ગરબાના કાર્યક્રમો રજૂ કરી, સારું મનોરંજન પૂરું પાડ્યું. આ બધાં ભાગ લેનારાંઓને સ્ટીલના ડબાની ભેટ શ્રી બિપીનભાઇ તન્ના ને આરતીબેન તરફથી આપવામાં આવી. તો પૂ. શ્રીના જન્મદિન નિમિત્તે અંબાજી આસપાસની શાળાઓના ૨૦૦ કરતા વધુ બાળકોને મોહનથાળનો પ્રસાદ શ્રી બીજલબેન ભટ્ટ તરફથી વહેંચવામાં આવ્યો. તો સ્થાનિક હોસ્પીટલના બધા જ દર્દીઓ અને સેવકોને પણ સફરજન, કેળાં, ચીકુ, મોસંબી વગેરે ફળોથી ભરેલી થેલીઓ આપવામાં આવી, પૂ. માને આવું જ ગમે.

તા. ૧૪ ઓગસ્ટના રોજ સાધકોને મિષ્ટાન્ન ભોજન શ્રી ભાવનાબેન તરફથી તો તા. ૧૫ મી નું ફ્રૂટસેલાટ સાથેનું ભોજન ટ્રસ્ટ તરફથી અપાયું તે બદલ સૌએ તેમનો દિલથી આભાર માન્યો.

આ બે દિવસના સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચા-

લન—સેવક ટ્રસ્ટી શ્રી રાજુભાઈ જાનીએ કર્યું, તો સુશોભન અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ અને શ્રી વિનોદિની-બેનનો ફાળો ખૂબ ઉલ્લેખનીય રહ્યો.

સ્વર્ગારોહણમાંના બે દિવસના વસવાટ પછી ઘર તરફ પાછા ફરતા સાધક ભાઈબહેનો 'ક્ષીણે પુણ્યે મર્ત્યલોકમ્ વિશન્તિ'— જાણે પુણ્ય પૂરું થતાં જીવો સ્વર્ગના આનંદમાંથી પૃથ્વીના વિષાદ-મય વાતાવરણમાં પ્રવેશી રહ્યા હોય એવો ભાવ અનુભવી રહ્યા. ૐ મા—પ્રભુ

ઈશ્વરની કૃપા તેના નામ પર આક્રંદ કરનાર પર તો અવશ્ય ઉતરે છે.

—રામકૃષ્ણ પરમહંસ

ઘર : ૨૪૮૦૪૨૮ ઓફિસ : ૨૩૬૦૩૭૬
મોબાઈલ : ૯૮૨૪૨૧૫૨૬૭

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**

**"સત્યવાન" તથા "ચંદન"**

**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, રાજકોટ—૩૬૦૦૦૨



# મારે માથે હજાર હાથવાળો

મારે માથે હજાર હાથવાળો.
અખંડ મારી રક્ષા કરે.

કદી રક્ષકના ઉગ્ર રૂપવાળો,
આવી કસોટી કપરી કરે.
એની કરુણાનો સ્રોત નિત્ય વ્હેતો,
પ્રસન્ન મને રાખ્યા કરે. મારે માથે૦

મને ચિંતા કરવા ન જરી દેતો,
કલ્યાણ મારું ઝંખ્યા કરે,
રખે ઊતરું હું માર્ગે આડે તો,
સત્યપથ ચીંધ્યા કરે. મારે માથે૦

નાથ શ્રદ્ધાનાં પારખાં લે તો,
ને તોયે શક્તિ દીધા કરે,
ધૂળમાંથી કનક કરી દેતો,
અજબ તારી લીલા ખરે. મારે માથે૦

— જૂનું ભજન

પૂજ્ય યોગેશ્વરજીદ્વારા

# તુલસીકૃત રામચરિતમાનસનું રસદર્શન—૪

(ગતાંકથી આગળ) સંકલન : **નિર્ભયરામ કા. વૈષ્ણવ**

ભગવાન શ્રી રામે માનવ શરીર ધારણ કરી સજ્જનોના સંકટ ટાળ્યાં. ભક્તોને સુખનું ધામ મળ્યું.

અહલ્યા એક તરી ગઇ પ્રભુના પ્રતાપે, પરંતુ તેમના સ્મરણથી તો કરોડો દુષ્ટોને નવા અવતાર અર્પતી સન્મતિ પ્રાપ્ત થઇ. તાડકાને મારવાથી વિશ્વામિત્રજીનો યજ્ઞ પરિપૂર્ણ નિર્ભય રીતે થયો. સૂર્ય જેમ અંધકાર દૂર કરે છે તેમ ભક્તોને પ્રભુ નામ જ સ્વયં પ્રકાશથી વિભુષિત કરે છે.

શબરી, જટાયુ જેવા સમર્પિત ભક્તોને તેમના અલૌકિક ધામના અધિકારી બનાવ્યા.

આથી જ તુલસીદાસજી કહે છે :

નામ કામતરુ કાલ કરાલા, સુનિરત સમન સકલ જગ ભલા.
રામ નામ કલિ અભિમત દાતા, હિત પરલોક લોક પિતુ માતા.

અત્યારના ઘોર કળિયુગમાં નામ જ કલ્પવૃક્ષ છે. તેના સ્મરણમાત્રથી સંસારની સઘળી વ્યાધિઓ મરી જાય છે.

મનોવાંછિત ફળ આપનારા રામનામની ગુરુદેવની અભિ-વ્યક્તિ તપાસીએ :

રામનામ કલિ કલ્પતરુ ને કલ્યાણ નિવાસ;
થયો સ્મરીને ભાંગ શો તુલસી તુલસીદાસ.
વેદ પુરાણ પરમ કહે, સંત વાતને એક,
સકળ સુકૃત કે પુણ્યનું ફળ રામતણો સ્નેહ.
સત્યયુગ મહીં ધ્યાન ધરી, ત્રેતાયુગમાં યજ્ઞ કરી,
દ્વાપરમાં પૂજન અર્ચન, કરી કરાતું પ્રભુદર્શન.



રામનામ આપે ઇચ્છિત ફળ, આ લોકે પરલોકે હિતકર,
માતાપિતા સમાન સુખ ધરે, બને સર્વ માટે બંધનહર.
કલિયુગમાં ના કર્મ કે ભક્તિજ્ઞાન વિવેક,
રામનામનો છે કહ્યો આધાર ખરે એક.
ભાવ કભાવ ક્રોધ આળસથી, મંગલ બને દસે દિશ જપથી,
એવું સ્મરી રામનું નામ, કરી રામને પ્રેમ પ્રણામ,
કરું રામગુણ ગાથા ગાન.
રામ, આપના અનુગ્રહે થાય સૌનું કલ્યાણ,
તુલસીનું તેમ જ થશે સદા પરમ કલ્યાણ.

રામનામ મહિમા અનંત છે. એનું વર્ણન પણ આપણે અલ્પ મતિવાળા કેવી રીતે યથોચિત કરી શકીએ?

તુલસીદાસજી હવે રામકથાનો મહિમા સમજાવવા જઇ રહ્યા છે. તેઓ કહે છે :

જાગબલિક જો કથા સુહાઇ, ભરદ્વાજ મુનિબરહિ સુનાઇ.
સંભુ કીન્હ યહ ચરિત સુહાવા, બહુરિ કૃપા કરિ ઉમહિ સુનાવા.
સોઇ સિવ કાગભુસુંડિહિ દીન્હા, રામ ભગત અધિકારી ચીન્હા.

આ રામકથા યાજ્ઞવલ્ક્ય મુનિએ ભરદ્વાજજીને કહી હતી. આ રામચરિત્ર સૌ પ્રથમ શિવજીએ રચ્યું. તેમણે પાર્વતીજીને સંભળાવ્યું અને કાકભુશુંડિજીને રામભક્ત હોવાથી તેમણે રામ-કથાના સાચા અધિકારી માનીને તેમને સંભળાવ્યું. યાજ્ઞવલ્ક્ય મુનિ અને ભરદ્વાજજીદ્વારા આ કથાનો પ્રવાહ આગળ વધ્યો.

તુલસીદાસજીએ આ કથા વારાહક્ષેત્રમાં પોતાના ગુરુજી પાસે પ્રથમ સાંભળી, બાલ્યવયથી આ કથા ગુરુજી પાસેથી સાંભળતા રહ્યા તેથી તેમનું રામકથામાં મન પરોવાયું.

તુલસીદાસજીએ વર્ણવેલી આગમની કથા ગુરુજીના અનુ-વાદદ્વારા સાંભળીએ :

મારામાં જે બુદ્ધિ ને વિવેકનું બળ છે,
પ્રેરણા વળી પ્રભુતણી ઉરની અંદર છે.
કથા કહું એ મુજબ હું શંકાભ્રમ હરનાર,
ભવસાગર નૌકા સમી મોહમુક્ત કરનાર.

રામકથાનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં આગળ વધ્યા :

વિદ્વાનોને શાંતિ આપતી, રંજન સૌનું સદા કરે,
રામકથા કલિયુગના દૂષણ, પાતક તેમ સમસ્ત હરે;
તક્ષક કલિયુગ કેરો મારે, પ્રજ્ઞા પાવન પ્રગટાવે,
રામભક્તિની ગંગા જગવે, જીવન મંગલને લાવે.
કામધેનુ એ કલિકામમહીં, સંજીવની પરમ બૂટી,
સરિતા સુધાતણી, ભયનાશક, જાય ભ્રાંતિ મનની લૂંટી;
અસુરોની સેના સમાન છે, નાશ નરકનો કરનારી,
કુળનું હિત કરનારી, દુર્ગા દુઃખ દેવના હરનારી.
યમદૂતોને નિરાશ કરતી એવી અદ્‌ભુત યમુના એ,
રામકથા જ્યાં થતી હોય ત્યાં, કાળ કદી ફાવી ન શકે;
મોક્ષદાયિની કાશી જેવી, તુલસી શી પ્રિય રઘુવરને,
તુલસીની માતા હુલસી શી કરનારી નિશદિન પ્રિયને.

રામકથા મંદાકિની, ચિત્રકૂટ છે ચિત્ત,
તુલસી સુંદર વન વસે એમાં પાવન પ્રીત.

તુલસીદાસજીએ તો રામચંદ્રજીના ચરિત્રને સુંદર, જગતનું કલ્યાણ કરનાર, પરમધામને આપનાર, સદ્‌ગુરુ સમાન, સંસાર-રૂપી ભયંકર રોગનો નાશ કરનાર, પાપ, સંતાપ અને શોકનો નાશ કરનાર ગણાવીને તેની ખૂબ વિસ્તૃત છણાવટ કરી છે. અંતમાં તેઓ કહે છે :

રામચરિત રાકેસ કર સરિસ સુખદ સબ કાહુ,
સજ્જન કુમુદ ચકોર ચિત હિત બિસેષિ બડ઼ લાહુ.



યોગેશ્વરજી આ અંગે કહે છે :

સૌને સુખ આપે છતાં હિતકારક વધુ એ,
સજ્જનરૂપી કુમુદને ને ચકોર મનને.
રામ અનંત, અનંતગુણ, વિપુલ કથા વિસ્તાર;
તે ના વિસ્મય પામશે જેના વિમળ વિચાર.

• • •

તુલસીદાસજી હવે પોતે "રામચરિત માનસ" લખ્યું તે માટેની પોતાની સ્પષ્ટતા વર્ણવતાં કહે છે :

સાદર સિવહિ નાઈ અબ માથા, બરનઉં બિસદ રામગુન ગાથા.
સંવત સોરહ સે એકતીસા, કરઉં કથા હરિ પદધરી સીસા;
નૌમી ભૌમ બાર મધુમાસા, અવધપુરીં યહ ચરિત પ્રકાશા.

યોગેશ્વરજીનો અનુભવજન્ય અનુવાદ કેટલો મધુર છે તે જોઈએ.

સાદર શિવને કરી પ્રણામ, કરવા સફળ કથાનું કામ.
હરિ ચરણોમાં મૂકી શીશ, સોળસો અને એકત્રીસ;
વિક્રમ સંવત કરું કથા, રામ ગુણોથી મટે વ્યથા.
ચૈત્ર માસ સુદ નવમ વળી, મંગળવારે મંગલમયી,
અયોધ્યાપુરીમાં આરંભ, કર્યો કથાનો છોડી દંભ.

આ કથાનો અયોધ્યામાં રહીને સંવત ૧૬૩૧ માં પ્રારંભ કર્યો. શ્રી રામચંદ્રજીના જન્મદિને એટલે કે ચૈત્રમાસની શુક્લ-પક્ષની નવમી તિથિએ પ્રાતઃકાળે કથા લખવાનો પ્રારંભ થયાનો ઉલ્લેખ રામાયણમાં જ તુલસીદાસજીએ કર્યો છે.

આ રામાયણને ખુદ શંકર ભગવાને "રામચરિત માનસ" તરીકે ઓળખાવેલ છે.

રામચરિતમાનસ છે નામ, સાંભળતાં જ મળે વિશ્રામ;
રામચરિત માનસ મુનિ ભાવન, રચ્યું શિવે સુંદર અતિ પાવન.

શિવે રચીને મનમાં રાખ્યું, સુયોગ્ય સમયે શિવાને ભાખ્યું,
એથી રામચરિત માનસનું નામ શંકરે હરખી રાખ્યું,
બની ગયા બડભાગ ભક્તજન ફળ એ સ્વાદુ જેમણે ચાખ્યું.

આ રામાયણ કોની કોની સાથે સંવાદ સ્વરૂપે આગળ વધી તે માટે નીચેનું વર્ણન જોઈએ :

ભુશુંડિ ગરુડ, શિવાશિવ, યાજ્ઞવલ્ક્ય ભરદ્વાજ;
તુલસી ને સંતોતણા થયા ચાર સંવાદ.
અતિ સુંદર સુખદ સંવાદ સરસ ચાર;
રામકથાસરના બન્યા એ જ મનોહર ઘાટ.

ભુશુંડિજી અને ગરુડ, શંકર અને પાર્વતી, યાજ્ઞવલ્ક્ય મુનિ અને ભરદ્વાજજી વચ્ચે આ કથાનું સંધાન થયું. તુલસીદાસજીએ અનેક સંતો પાસે આ કથા પ્રવાહને વહાવ્યો. આ ચારેય સંવાદોને રામચરિત માનસરૂપી પવિત્ર અને સુંદર સરોવરના ઘાટની ઉપમા અપાઈ છે.

તુલસીદાસજી માનસ કથાના અંતરંગને ઓળખાવતા કહે છે :

સપ્ત પ્રબંધ સુભગ સોપાના, ગ્યાન નમન નિરખત મન માના,
રઘુપતિ મહિમા અગુ ન અબાધા, બરનબ સોઈ બરબારિ અગાધા.
રામ સીમ જસ સલિલ સુધાસમ, ઉપમા બીચિ બિલાસ મનોરમ.
પુરઈનિ સઘન ચારુ ચૌપાઈ, જુગુતિ મંજુ મનિ સીપ સુહાઈ.

આગળનું વર્ણન યોગેશ્વરજીનું જોઈએ :

દોહા સોરઠા સુંદર છંદ, કમળ પંક્તિ શા છે બહુરંગ.
ભાષાભાવ અર્થના રંગ, એ પરાગ મકરંદ સુગંધ.
ભ્રમરપંક્તિ સત્કર્મ અપાર, હંસ જ્ઞાન વૈરાગ્ય વિચાર.
કવિતાનો ધ્વનિ ગુણ સમુદાય, મીન મનોહર છે સર માંહ્ય.
ધર્મ અર્થ કામાદિક ચાર, જ્ઞાન તથા વિજ્ઞાન વિચાર.



નવરસ જપતપ યોગવિરાગ, એ સૌ જલચરસમાં તડાગ.
ભક્તિ નિરૂપણ વિવિધ પ્રકાર, ક્ષમા દયા શમદમ સુવિશાળ.
લતામંડપો તે સઘળાં, યમ ને નિયમ ફૂલ મધુરાં.
જ્ઞાન ફળસમું સર્વતણું, રસ પ્રભુપદ રતિ પૂર્ણ ગણું.
કથા પ્રસંગ વિભિન્ન વિહંગ, કોયલ પોપટ મોર અનંત.

રામચરિત માનસની કથાના સાત કાંડને સાત પગલાં ગણાવ્યાં તેમ રામકથાનું સ્વરૂપ વિવિધ ઉપમાઓ દ્વારા તુલસીદાસજીએ વર્ણવ્યું છે. તે જ રીતે યોગેશ્વરજીએ પણ આ સ્વરૂપની આગમની ઝાંકી ઉપર દર્શાવી છે.

આ ચરિત્ર અંગેની યોગેશ્વરજીએ દર્શાવેલી કથાના આગળના થોડા અંશો જોઈએ :

સાવધ બનતાં ચારુ આ ચરિત્રને જે ગાય,
તે સંરક્ષક ચતુર આ સરવરના કહેવાય.
અતિ શઠ ને વિષયીજનો બગલા કાગ સમા;
ભાગ્યહીન કો'દી ન તે સરની પાસ જતા.
કારણ કે શેવાળ ને છીપ દેડકાં શી,
કથા વિષયરસથી ભરી આમાં એક નથી.
કાક તેમ બકના સમા એથી કામી લોક;
સમીપમાં ના આવતાં હિંમત કરતા ફોક.
કઠિન ખૂબ છે આવવું આ સરવરની પાસ;
રામકૃપા વિણ ના કરે કોઈ પાસે વાસ.
શ્રદ્ધાનું ભાથુ ન હો, હો ન સંતનો સાથ;
અગમ્ય માનસ તો ખરે, પ્રિય જો ના રઘુનાથ.

જેઓને રઘુનાથ પ્રિય નથી, જેઓ સંતો સાથે ભળતાં નથી, જેમનામાં શ્રદ્ધાનો અભાવ છે તેઓને આ માનસ કથામાં રસ

ઉદ્‌ભવતો નથી. તેનાથી ઊલટું જેમના ચિત્તમાં શ્રી રામજી પ્રત્યે પ્રેમ છે તેઓ આ સરોવરને કદી છોડતા નથી.

નદી પુનીત સુમાનસ નંદિનિ, કલિમલ તૃન તરુ મૂલ નિકંદિની.

તુલસીદાસજી હવે માનસ સરોવરની પુત્રી સમી નદી સરળ અને તેના કિનારા પરની અયોધ્યા ભૂમિના દર્શન કરાવવા ઉતાવળા થયા છે.

હવે આ તીર્થભૂમિનો પરિચય કરીએ.

(ક્રમશઃ)

**સંપત્તિની પ્રાપ્તિ માટેના ગુણ**

વિદ્યા, બુદ્ધિ, ધીરજ, કાર્યકુશળતા, પ્રતિભા, ધારણા શક્તિ, ઉત્સાહ, વક્તૃત્વશક્તિ, દૃઢતા, આપત્તિમાં ક્લેશ સહન કરવાની શક્તિ, પ્રભાવ, પવિત્રતા, ઉદારતા, સત્ય, કૃતજ્ઞતા, શીલ તથા જીતેન્દ્રિયતા વગેરે ગુણો હોય ત્યારે જ લોકોમાં પ્રિય થવાય છે અને લોકોમાં પ્રિય થવાથી જ સંપત્તિ પ્રાપ્ત થાય છે.

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે, મોરબી-૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩



# સદ્‌ગુરુએ કરેલી જીવનરક્ષા

**સંપાદન : સ્વામી અજય**
**અનુવાદ : કુન્દનીકા કાપડીઆ**

સ્વામી રામના નામથી અને લખાણોથી અધ્યાત્મના વાંચકો પરિચિત છે? ‘હિમાલયના સિદ્ધયોગી’ “Living with Himalayan Masters”નું તેમનું પુસ્તક જગવિખ્યાત થયું છે. આદરણીય શ્રી કુન્દનીકાબેન કાપડીઆએ તેનો ગુજરાતીમાં સરસ અનુવાદ કર્યો છે. તેની ૧૧ જેટલી આવૃત્તિઓ થઈ છે. તે જ તેની લોકપ્રિયતા દર્શાવે છે.

આ પુસ્તકમાં સ્વામી રામના આધ્યાત્મિક સત્યોને પ્રકાશિત કરતા અદ્‌ભુત પ્રસંગો છે, જે તેમના મુખેથી સાંભળી તેમના શિષ્ય સ્વામી અજયે શબ્દબદ્ધ કરેલા છે. કેટલીક સામગ્રી રામની ડાયરીમાંથી તો કેટલીક સ્વામી રામે અમેરિકામાં આપેલાં પ્રવચનોમાંથી તેમણે સંપાદિત કરેલી છે. હકીકતમાં આ સ્વામી રામની જીવનકથા નથી, પણ હિમાલયના સિદ્ધોનો પરિચય અને તેમના ઉપદેશો છે.

આમાંથી આપણે અહીં એ હકીકતો લીધી છે જે દર્શાવે છે કે સમર્થ ગુરુ તેઓનું સાચા દિવથી સ્મરણ કરતાં કેવી અદ્‌ભુત રક્ષા કરે છે. તો સદ્‌ગુરુ પાસેથી જ્ઞાન મેળવવા કેવી ને કેટલી તત્પરતા જોઈએ. મરવા સુધીની તૈયારી જોઈએ. સ્વામી રામના જીવનના આ અનુભવો છે. **—તંત્રી**

### એક જુવાન વિધવાને બચાવી

રાજસ્થાનમાં, પિલાનીથી પશ્ચિમે પચાસ માઈલ દૂર એક રેતાળ ગામમાં એક જમીનદાર રહેતો હતો. તેને માત્ર એક જ

દીકરો હતો. લગ્ન પછી તરતમાં જ છોકરો સખત તાવમાં મૃત્યુ પામ્યો. તેની સત્તર જ વર્ષની સ્વરૂપવાન પત્ની બિચારી મધુ-રજની પણ ઊજવી શકી નહોતી.

વિધવા થતાં તેણે ધાર્મિક જીવન ગાળવા માંડ્યું. સસરાના, ઈંટથી બાંધેલા મકાનના બીજા માળ પર એક ઓરડીમાં તે રહેતી હતી. તેની ઓરડીમાં બે ચિત્રો હતાં. બસ, આ સિવાય એની પાસે એક ધાબળો હતો, જે તે સૂવા માટે વાપરતી અને બીજો એક ઓઢવા માટે વાપરતી. ઓરડીની પાછળની તરફ એક નાની બારી હતી અને આગળની તરફ લાકડાનું જાડું મજબૂત બારણું હતું.

એક રાતે ત્રણ સશસ્ત્ર માણસો તેમનું ઘર લૂંટવા આવ્યા. તેમનો બદઈરાદો આ જુવાન વિધવા પર બળાત્કાર કરી તેનું અપહરણ કરી જવાનો હતો. તેમણે કુટુંબના બધા સભ્યોને બીજા એક ઓરડામાં પૂરી દીધા અને છોકરીની ઓરડીનું બારણું તોડવા પ્રયત્ન કરવા લાગ્યા. છોકરીને આની જાણ થતાં તે પ્રાર્થના કરવા લાગી : 'ગુરુદેવ, હું પવિત્ર છું. મને બચાવો, મારી રક્ષા કરો. તમારા રક્ષણાત્મક બાહુ ક્યાં છે? તમને શું થયું છે?'

અચાનક જ સફેદ વાળ ને દાઢીવાળો એક વૃદ્ધ માણસ ઊંટ પર બેસીને તેની પાછલી બારી પાસે આવ્યો. તેણે કહ્યું : 'આવ દીકરી, મારી સાથે ચાલ, નહિ તો તારા પર જોખમ છે. એ લોકો તારા પર બળાત્કાર કરશે, તને લાંછન લાગશે અને તારે આપઘાત કરવાનો વારો આવશે.' લૂંટારુઓએ બારણું તોડીને અંદર જોયું તો કોઈ નહોતું. એ લોકો બહુ નિરાશ થયા. છોકરી અને તેને બચાવનાર માણસ બંનેએ ઊંટની પીઠ ઉપર આખી



રાત સફર કરી. સૂરજ ઊગે તે પહેલાં બંને, ૬૫ માઈલ દૂર રહેતા છોકરીના પિતાના ઘેર સલામતપણે પહોંચી ગયાં.

હું ૧૯૫૧ માં આ ગામમાં ગયો હતો, અને આ વાત મેં એ સ્ત્રીને પોતાને મોંએથી સાંભળી હતી. તેની પવિત્રતા અને આધ્યાત્મિકતા માટે તે પ્રસિદ્ધ હતી. આ વાત કહ્યા પછી તેણે મારા ગુરુ વિશે મને ઘણા પ્રશ્નો પૂછ્યા. તેના પિતાને અમે ઓળ-ખતા હતા. અમારી પરંપરા સાથે તેની દૈવી કડી હતી. વાત-ચીત દરમ્યાન મને જાણવા મળ્યું કે એની ઓરડીમાં જે બે ચિત્રો હતાં, તેમાંનું એક મીરાંબાઈનું હતું અને બીજું મારા ગુરુનું હતું. છોકરીના પિતાએ હિમાલયની યાત્રા પૂરી કરી ત્યારે મારા એક ગુરુભાઈએ એ છબિ તેમને આપી હતી. આખું કુટુંબ એ છબિની પૂજા કરતું હતું. છોકરીને બચાવનાર માણસની મુખા-કૃતિ છબિ સાથે મળતી આવતી હતી. એ મારા ગુરુ હતા. મને મારા ગુરુની છબિ જોવાની ઇચ્છા હતી. મને તે ફોટો એટલો બધો ગમ્યો કે મેં એ તેની પાસેથી લઈ લીધો અને વચન આપ્યું કે એની એક નકલ કઢાવીને હું મોકલી આપીશ, પણ ઘણાં કારણોસર હું એ છબિ પાછી મોકલી શક્યો નહિ. મારા ગુરુના ભૌતિક અસ્તિત્વની એ જ એકમાત્ર છબિ છે. આ ઘટનાની સત્યતા વિશે મારા મનમાં જરા પણ શંકા નથી. પણ એ બધું કેવી રીતે બન્યું એ સમજવાનો મારી પાસે કોઈ માર્ગ નથી.

આ વાત કરીને હું કોઈ ગુરુ—સંપ્રદાય ઊભો કરવા નથી માગતો. હું તો એટલું જ ઇચ્છું છું કે સિદ્ધોના માર્ગ ઘણા રહસ્ય-મય હોય છે એ તમે જાણો. તેઓ તેમના શિષ્યને દુનિયાના કોઈ પણ ખૂણેથી, દુનિયાની પારથી પણ મદદ કરતા હોય છે. શિષ્યને મદદ કરવા, માર્ગદર્શન આપવા કે બચાવવા માટે ગુરુની શારીરિક હાજરીની હંમેશાં જરૂર જ હોય એવું નથી.

## ડૂબતા માણસને બચાવ્યો

એક વાર રાજસ્થાનથી એક વિદ્વાન ઉત્તર કાશીના મારા આશ્રમે આવેલા. તે પ્રસિદ્ધ પંડિત હતા. તેમની ઉંમર સિત્તેર વર્ષની આસપાસ હતી અને તે ગંગોત્રીની યાત્રાએ નીકળ્યા હતા. એક દિવસ તેમને ગંગામાં ડૂબકી મારવાનું મન થયું. પણ તેમને તરતાં નહોતું આવડતું. નદી મારા આશ્રમથી થોડા અંતરે જ હતી. સામે કાંઠે થોડાક વાનરો નદીમાં કૂદકા મારતા હતા અને ડૂબકી ખાઇને પાછા બહાર આવી જતા હતા એ તેમણે જોયું. એમને થયું : વાંદરાઓ જો ડૂબકી મારી શકતા ને તરી શકતા હોય, તો હું ભણેલોગણેલો માણસ કેમ ન કરી શકું?

આવું વિચારીને તે નદીમાં કૂદી પડ્યા અને તણાવા માંડ્યા. મારા એક સાથીદારે તેમને તણાઇ જતા જોયા અને તે બૂમો પાડવા લાગ્યો. હું બહાર દોડ્યો ને પૂછ્યું : 'શું થયું?'

તેણે કહ્યું : 'પેલો માણસ ડૂબી રહ્યો છે.'

હું નદી પર દોડ્યો. મને ચિંતા થઇ. મારા આશ્રમની આગળ જ કોઇકનું મૃત્યુ થશે કે શું? હું ત્યાં પહોંચ્યો ત્યારે એ વૃદ્ધજન કાંઠાપર બેસીને હાંફતા હતા. એમને કળ વળી પછી મેં પૂછ્યું કે શું થયું હતું?

તેમણે કહ્યું : 'હું વહેણમાં ખેંચાઇ ગયો હતો.'

'તો પછી તમે અહીં કેવી રીતે પહોંચ્યા?' મેં પૂછ્યું. તેમણે કહ્યું : 'કોઇક સાધુમહારાજે મને બહાર ખેંચી કાઢ્યો.' મેં એમને એ માણસ કોણ હતો એ પૂછ્યું. તેમણે મારા ગુરુનું આબેહૂબ વર્ણન આપ્યું. મારી પાસે મારા ગુરુની એક જ છબિ હતી અને તે મેં કોઇને બતાવી નહોતી. પણ મારે ખાતરી



કરવી હતી કે એમને બહાર ખેંચી લાવનાર મારા ગુરુ જ હતા કે કેમ, તેથી મેં તેમને એ છબિ બતાવી.

તેમણે કહ્યું : 'હા, આ જ માણસ છે. હું ત્રણ વખત પાણી-માં ડૂબ્યો અને છેક તળિયે જઇ પહોંચ્યો. નાકમાંથી પાણી અંદર જવા માંડ્યું. મને વિચાર આવ્યો કે આ પવિત્ર સ્થાન છે, કોઇક મને મદદ કરશે. અને અચાનક જ કોઇકે મને પાણી-માંથી બહાર ખેંચી કાઢ્યો—એ આ જ માણસ છે.'

મેં કહ્યું : 'તમને ભ્રાન્તિ થઇ હશે.'

એમણે કહ્યું : 'ના, મને તો એટલી બધી શ્રદ્ધા બેસી ગઇ છે કે હું આ માણસને શોધી કાઢી તેની સાથે રહેવા માગું છું. હું પાછો ઘરે હવે નહિ જાઉં.'

મેં કહ્યું : 'તમારાં કુટુંબીજનો શું કહેશે?'

તેમણે કહ્યું : 'મારાં સંતાનો મોટાં થઇ ગયાં છે. હું તો હવે હિમાલયમાં જાઉં છું.' આમ કહીને તે ચાલ્યા ગયા. પણ માર્ગમાં તેમને મારા ગુરુદેવે સંદેશો મોકલ્યો કે તમે વધુ તૈયાર ન થાઓ ત્યાં સુધી આવતા નહિ. હવે તે અમારા આશ્રમથી બારેક માઇલ દૂર રહે છે અને ધ્યાનમાં સમય વિતાવે છે. હું પશ્ચિમના દેશો તરફ જવા નીકળ્યો ત્યારે પણ હજુ તે મારા ગુરુને મળવાની વાટ જોતા હતા. તે કહે છે : 'જે દિવસે હું તૈયાર થઇશ, તે દિવસે હું જઇને એમને મળીશ.'

## શક્તિપાત

સમાધિનો અનુભવ કરવાની પ્રબળ ઇચ્છા મારા મનમાં રમ્યા કરતી હતી. મારા ગુરુએ મને કહેવું : 'તું ચાર કલાક સુધી સંપૂર્ણપણે શાંત—સ્થિર થઇને બેસી ન શકે, ત્યાં સુધી તને સમાધિ કદી નહિ થાય.' એટલે નાનપણથી હું એમ બેસવાનો

મહાવરો પાડતો હતો. મારો સૌથી વધુ વખત સમાધિની અનુભૂતિ માટે એ રીતે બેસવામાં જતો હતો, પણ મને સમાધિ પ્રાપ્ત થઈ નહિ.

ઘણાં પુસ્તકોનો અભ્યાસ કર્યા પછી હું અધ્યાપક બન્યો, પણ મને લાગ્યું કે અપ્રત્યક્ષ કે 'સેકન્ડ હેન્ડ' જ્ઞાનનું પ્રદાન કરવું એ યોગ્ય નથી. આ રીતે આશ્રમોના સાધુઓને શીખવવું તેના કરતાં યુનિવર્સિટીમાં કે બીજે દર્શનશાસ્ત્ર શીખવવું વધારે સારું. મને વિચાર આવતો કે આ કાંઈ બરોબર નથી. મને કાંઈ સાક્ષાત્કાર થયો નથી. હું તો માત્ર પુસ્તકોમાં જે વાંચ્યું છે અને શિક્ષકો પાસેથી હું જે શીખ્યો છું તે જ બીજાને શીખવું છું. મારા પોતાના અનુભવમાંથી નહિ. આથી એક દિવસ મેં મારા ગુરુને કહ્યું : 'આજે હું તમને અંતિમ ચેતવણી આપવાનો છું.'

એમણે કહ્યું : 'શું છે?'

'કાં તમે મને સમાધિ કરાવડાવો, અને નહિ તો હું આપઘાત કરીશ.' મેં ખરેખર જ નિશ્ચય કર્યો હતો.

તેમણે કહ્યું : 'સાચેસાચ?'

'હા વળી.' તેમણે શાંતિથી કહ્યું : 'વત્સ, તો પછી એમ કર.'

તે આવું કહેશે એવી મેં કદી અપેક્ષા રાખી ન હતી. મારી તો એમ ધારણા હતી કે તે કહેશે : 'દસ—પંદર દિવસ રાહ જો.' મારા પ્રત્યે તે ક્યારેય કઠોર નહોતા થયા. પણ તે દિવસે તેમણે કઠોરતા દર્શાવી. તેમણે કહ્યું : 'રાતે ઊંઘી જવાથી કાંઈ તારા પ્રશ્નો ઊકલી જવાના નથી. બીજા દિવસે તારે એનો મુકાબલો કરવો જ પડશે. એવી જ રીતે. આપઘાત કરવાથી તારા ખરેખરા જે પ્રશ્નો છે એનો નિવેડો આવવાનો નથી. આગલા



જન્મમાં તારે એનો સામનો કરવો જ પડશે. તેં પ્રાચીન શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે અને તું આ બધું સમજે છે. એમ છતાં તું આત્મહત્યાની વાત કરે છે. પણ તારે ખરેખર જ એ કરવું હોય તો જા, એમ કર.'

હું શક્તિપાત વિશે હંમેશાં સાભળતો આવ્યો હતો. મેં કહ્યું : 'તમે મારામાં શક્તિપાત કર્યો નથી. એનો અર્થ એમ થાય કે કાં તો તમારામાં શક્તિ નથી, કાં તમે એ કરવા માગતા નથી. લાંબા વખતથી હું આંખો મીંચીને ધ્યાનમાં બેસું છું પણ છેવટે માથાના દુખાવા સિવાય બીજું કાંઈ મને મળતું નથી. મારો વખત વ્યર્થ વીત્યો છે અને જીવનમાં મને કશો આનંદ નથી.'

તેમણે કાંઈ કહ્યું નહિ, એટલે મેં આગળ ચલાવ્યું : 'મેં નિષ્ઠાપૂર્વક, શ્રમપૂર્વક કામ કર્યું છે. તમે કહેતા હતા કે એને ચૌદ વર્ષ લાગશે. આ મારી સાધનાનું સત્તરમું વર્ષ છે. તમે જે કામ મને કરવાનું કહ્યું તે મેં કર્યું છે.'

તેમણે કહ્યું : 'તને એ વિશે ખાતરી છે? તેં ખરેખર જ મેં તને જે શીખવ્યું તે પ્રમાણે સાધના કરી છે? મારા શીખવવાનું આ ફળ છે કે તું આત્મહત્યા કરવા નીકળે?' પછી તેમણે પૂછ્યું : 'તારે ક્યારે આત્મહત્યા કરવી છે?'

મેં કહ્યું : 'અત્યારે જ. આપઘાત કરતાં પહેલાં હું તમારી સાથે વાત કરતો હતો. હવે તમે મારા ગુરુ નથી. મેં બધાનો જ ત્યાગ કર્યો છે. આ દુનિયાને હું કશા ખપનો નથી. તમને પણ હું કશા ખપનો નથી.' હું ગંગામાં જઈ ડૂબી મરવા માટે ઊભો થયો. નદી સાવ નજીકમાં જ હતી. તેમણે કહ્યું : 'તને તો તરતાં આવડે છે. ગંગામાં તું ભૂસકો મારીશ તો સ્વાભાવિક રીતે જ તારાથી તરવાનું શરૂ થઈ જશે. કોઈક રસ્તો શોધી કાઢ,

જેથી તું ડૂબવા લાગે ને પાછો ઉપર ન આવે. થોડુંક વજન સાથે બાંધી દે તો કદાચ ચાલે.'

તે મને ખીજવતા હતા. મેં કહ્યું : 'તમને શું થયું છે? તમને મારા માટે કેટલો બધો પ્રેમ હતો!' પછી મેં કહ્યું : 'ભલે, તો હું જાઉં છું. આભાર.' હું ગંગા પર દોરડું લઇને ગયો અને થોડાક મોટા પથરા શરીર સાથે બાંધ્યા. છેવટે તેમણે જ્યારે જોયું કે હું આ બાબતમાં ગંભીર છું. ખરેખર જ કૂદી પડવાની અણીપર છું ત્યારે તેમણે મને બોલાવ્યો અને કહ્યું : 'થોભ, અહીં બેસી જા, હું તને એક મિનિટમાં સમાધિ કરાવું છું.'

તે ખરેખર જ એવો ઇરાદો ધરાવે છે કે નહિ એની મને ખબર નહોતી, પણ મને થયું કે એક મિનિટ રાહ જોઇને જોઉં તો ખરો! હું ધ્યાનની મુદ્રામાં બેઠો. તેમણે મારા કપાળને સ્પર્શ કર્યો. હું એ સ્થિતિમાં ૯ કલાક રહ્યો અને મારા મનમાં એકે દુન્યવી વિચાર ઊઠ્યો નહિ. એ અનુભવ વર્ણનાતીત હતો. મારી ચેતના પાછી આવી ત્યારે મને થયું કે હજી સવારના નવ જ વાગેલા છે. સમાધિમાં સમયનો લય થઇ જાય છે.

મેં માફી માગી : 'ગુરુદેવ, મને ક્ષમા કરો.'

એ સ્પર્શ સાથે મેં પહેલાં જે વસ્તુ ખોઇ તે હતો ભય. મને એ પણ ખ્યાલ અપાવ્યો કે હવે હું સ્વાર્થી નથી રહ્યો. મારું જીવન સમૂળું પરિવર્તન પામ્યું હતું. ત્યાર પછી મારા જીવનની યોગ્ય સમજ મને મળી.

પાછળથી મેં મારા ગુરુને પૂછેલું : 'એ મારા પ્રયત્નથી બન્યું કે તમારા પ્રયત્નથી?'

તેમણે કહ્યું : 'કૃપાથી.'

કૃપા એટલે શું? લોકો માનતા હોય છે કે ફક્ત ભગવાનની



કૃપાથી જ તેમને જ્ઞાન મળી શકે છે. પણ એવું નથી. મારા ગુરુએ કહેલું : 'માણસે નિષ્ઠાપૂર્વક બધા જ પ્રયત્નો કરવા જોઇએ પછી તે થાકી જાય અને ભક્તિની ઉત્કટ અવસ્થામાં, હતાશાથી પોકાર કરી ઊઠે ત્યારે તેને સમાધિ પ્રાપ્ત થાય છે. એ ભગવાનની કૃપા છે. શ્રદ્ધા ને હૃદયપૂર્વકના પ્રયત્નોને અંતે મળતું ફળ તે કૃપા છે.'

હવે હું સમજ્યો કે શિષ્ય લાંબા સમય સુધી સાધના અને તપ કરે ત્યારે જ શક્તિપાત શક્ય બને. સામૂહિક ધોરણે શક્તિપાતની વાત વિશે મને શંકા છે. એ વાત ખરી કે શિષ્ય તૈયાર હોય ત્યારે ગુરુ પોતે પ્રગટ થાય છે અને યોગ્ય દીક્ષા આપે છે. શિષ્યે સંપૂર્ણ સચ્ચાઇ, શ્રદ્ધા અને હાર્દિકતાથી સાધના કરી હોય ત્યારે સૂક્ષ્મમાં સૂક્ષ્મ અવરોધને ગુરુ દૂર કરે છે. જ્ઞાનની અનુભૂતિ ગુરુશિષ્ય બંનેના સાચા પ્રયત્નથી આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, તમે તમારું કર્તવ્ય કુશળતાપૂર્વક સંપૂર્ણ હૃદયથી બજાવ્યું હોય તો તમને કૃપાપૂર્વક એનું ફળ મળે છે. કર્મ પૂરું થાય ત્યારે કૃપાનો ઉદય થાય છે. શક્તિપાત એ ગુરુદ્વારા ભગવાને કરેલી કૃપા છે.

હું એવા સમયની ઉત્સુકતાપૂર્વક રાહ જોતો હોઉં છું જ્યારે રાતના વખતે હું એકલો હોઉં અને ધ્યાનમાં બેસી એ સ્થિતિનો અનુભવ કરી શકું. એની નજીક પહોંચે એવો બીજો કોઇ આનંદ નથી.

○

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

નંદ તથા યશોદાએ કૃષ્ણને મીઠો ઠપકો આપ્યો તો એમણે જણાવ્યું :

' હું ભોજનને ના આરોગું તો બીજું શું કરું ?'

' કેમ ? એ ભોજન તારે માટે, તારે ઉચ્છિષ્ટ કરવા માટે બનાવવામાં આવેલું ?' નંદે રોષે ભરાઈને પૂછ્યું.

કૃષ્ણે કહ્યું :

' મેં ભોજનને ઉચ્છિષ્ટ નથી કર્યું : એને ભાવવશ બનીને ગ્રહણ કર્યું છે.'

' પરંતુ એ તારે ગ્રહણ કરવા માટે નહોતું બનાવેલું.'

'કોણે કહ્યું ? મુનિએ એ ભોજન પોતાને માટે તૈયાર કરેલું એ સાચું છે પરંતુ એમણે એ ભોજન મને અર્પણ કરેલું.'

નંદ અને યશોદા વિચારમાં પડયાં.

એ જોઈને કૃષ્ણે મુનિને પૂછ્યું :

' મેં ભોજન કર્યું અથવા ચાખ્યું એમાં મારો કોઈ દોષ દેખાય છે ?'

' જરૂર.'

' મારો કોઈ દોષ દેખાતો હોય તો મને ઉદાર દિલથી ક્ષમા કરજો. બાકી મારી પ્રવૃતિનો સૂક્ષ્મતાથી વિચાર કરશો તો તમને એમાં કશો દોષ નહિ દેખાય.'

મુનિ કશું સમજી ના શક્યા. એ કૃષ્ણને ધારીધારીને જોઈ રહ્યા એટલે કૃષ્ણે પોતાની વાતના અનુસંધાનમાં આગળ કહ્યું :



' તમે ભાવપૂર્વક ભોજન બનાવ્યા પછી બંને વખત મારું ધ્યાન ધર્યું, મને ભોજન અર્પણ કર્યું, અને એને અંગીકાર કરવા માટે મને આતુર હૃદયે પ્રાર્થના કરી, એટલે તો બંને વખત મેં તમારા ભોજનનો સ્વીકાર કર્યો. અને હવે મને દોષ દો છો ને મારા એ કર્મને માટે ખોટું લગાડો છો ? અજ્ઞાનને લીધે તમને મને ના ઓળખી શકો તમાં હું શું કરું ? એમાં મારો શો દોષ ?'

મુનિનાં દિવ્યચક્ષુ ઊઘડી ગયાં.

એમના અંતરનો ગાઢ અંધકાર હઠી ગયો અને એમને પ્રેરણાત્મક પ્રકાશની પ્રાપ્તિ થઈ.

એમનું અંતર અલૌકિક આનંદથી આપ્લાવિત બની ગયું.

એ અંતરમાંથી અનુરાગનો આવિર્ભાવ થતાં એકાએક ઉદ્‌ગાર નીકળી પડ્યાં :

' ત્યારે શું તમે મારા આરાધ્યદેવ છો ?'

' તમે તમારી બુદ્ધિ પ્રમાણે જે સમજો તે.'

કૃષ્ણ મુનિની સામે ઊભા રહીને મંદમંદ હસવા લાગ્યા.

મુનિ પ્રસન્ન થયા ને કૃષ્ણને પોતાના ઉપાસ્ય માનીને જાુદી જ દૃષ્ટિથી જોવા લાગ્યા.

કૃષ્ણને પ્રેમપૂર્વક પ્રણામ કરીને એમણે એ ઉચ્છિષ્ટ માનેલા ભોજનને અદ્‌ભુત આનંદપૂર્વક આરોગ્યું ત્યારે એમને જે ઊંડી સંપૂર્ણ તૃપ્તિ થઈ તેનું વર્ણન વાણી દ્વારા નહોતું કરી શકાય તેવું.

એનું અનુમાન એમની મુખાકૃતિ પરથી સ્પષ્ટ થઈ શક્યું.

મુનિએ ભાવવિભોર બનીને નંદ તથા યશોદાને કહેવા માંડ્યું :

' તમે બંને ખરેખર બડભાગી છો.તેથી જ તમને આવા

સુંદર સર્વોતમ સુપુત્રનાં માતાપિતા થવાનું સૌભાગ્ય સાંપડ્યું છે. એવું સૌભાગ્ય જેને તેને ને જ્યારે ત્યારે નથી મળતું. તમને બંનેએ તમારા પૂર્વજન્મમાં ઘણાં પુણ્યો કર્યાં લાગે છે.કૃષ્ણનું દર્શન કરીને મારું પોતાનું જીવન પણ કૃતાર્થ થયું.'

નંદ તથા યશોદ શું બોલે ?

મુનિની રહસ્યમયી વાણીને એ સંપૂણપણે ના સમજી શક્યાં. તો પણ તર્કવિતર્ક કરવાને બદલે મૂક જ રહ્યાં.

પરંતુ થોડા દિવસો પછી એક બીજો પ્રસંગ બન્યો. એણે યશોદા તથા નંદ બંનેને વિચાર કરતાં કરી મૂક્યાં.

બંનેની દૃષ્ટિ તથા વૃતિમાં એ પ્રસંગથી થોડું પરિવર્તન થયું.

મુનિના ઉદ્‌ગારોનો મર્મ એમને ત્યારે વધારે સારી રીતે સમજાયો.

વાત એમ બની કે બળરામ તથા બીજા બાળકો સાથે રમતી વખતે કૃષ્ણે એક વાર માટી ખાધી.

શ્રીદામાએ જઈને એ વાત યશોદાને કહી દીધી.

યશોદા ક્રોધે ભરાઈને લાકડી લઈને કૃષ્ણને મારવા દોડી.

કૃષ્ણ એ જોઈને દોડવાને બદલે મોં લૂછીને ઊભા રહ્યા.

યશોદાએ એમને ઠપકો આપ્યો.

શ્રીદામાએ એમાં સૂર પુરાવ્યો એટલે કૃષ્ણે કહ્યું :

' મેં માટી નથી ખાધી.'

' નથી ખાધી ? તો શું મીઠાઈ ખાધી છે ? શ્રીદામા શું ખોટું કહે છે ? એના શબ્દોમાં મને વિશ્વાસ છે ! '

' શ્રીદામાના શબ્દોમાં તને વિશ્વાસ હોય તોપણ મારામાં પણ વિશ્વાસ રાખ. સાચું કહું છું કે મેં માટી નથી ખાધી. '



યશોદા એને ધમકાવવા લાગી.

કૃષ્ણે કહ્યું :

' મને ધમકાવવાને બદલે મારાં વચનોમાં વિશ્વાસ ના આવતો હોય તો મારા મુખને જોઈ લે.'

' પરંતુ એમાં માટી મળશે તો ? '

' તો તને જે યોગ્ય લાગે તે શિક્ષા કરી લેજે. હું એને શાંતિ સાથે હસતાં હસતાં ભોગવી લઈશ. પહેલાં મારા મુખનું નિરીક્ષણ તો કરી લે.'


જે સાધના કે ધર્મ મનના સ્વરૂપમાં ફેરફાર કરી તેને ઉત્તરોત્તર શુદ્ધ સાત્ત્વિક, મધુમય, પ્રેમમય ને મંગલ ન કરી શકે. તે સાધના ને ધર્મ, ખાસ ઉપયોગી ન કહેવાય. માણસ-ના વિકાસક્રમમાં તેનો ફાળો નહિવત્ જ રહેવાનો.

—યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮

મોબાઈલ : ૯૮૨૪૭૦૪૦૯૭

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧